TITLE CODE: GUJGUJ 15959

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER


Vol.No-1, Issue No-7 | Ahmedabad, Friday 05/02/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



સુપ્રિયાની મજા ને માને સજા ૨


ટીકા વચ્ચે રહી કાર્યની હોડી કઇ રીતે હંકારશો? 3


સ્વતંત્રતા આંદોલનના મહાનાયક સુભાષચંદ્ર બોઝ ૪


શિક્ષણમાં તાલીમનું મહત્વ ૫


જાણવા જેવું ૧૦


ધી ઓપન પેજ

લવાજમ ફોર્મ

વધુ માહિતી પેજ નં.૮

બાળકને અઢળક ધન નહિ આપો તો ચાલશે પરંતુ એના મન અને તનને તંદુરસ્ત બનાવશો તો ધન એ આપમેળે રળી લેશે

# મક્કમ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો

માર્ચ - એપ્રિલની મોસમ ટહુકા કરી રહી છે વસંત ઋતુ પણ...! કેવો સુમેળ! વસંતમાં તો યોવન મ્હાલે... વસંત પણ ક્યારેય પ્રમાદી ન હોઇ શકે. તરૂણને તો તરવરવું ગમે સામાન્ય રીતે શાળા-કોલેજના મહત્વના વર્ષોના અભ્યાસની પણ ઉંમર એ જ હોય છે.

અભ્યાસ અને પરીક્ષાના છોડ યુગોથી ગંઠાયેલા જ રહ્યા છે. આમ તો જિંદગી પોતે જ એક મોટી પરીક્ષા છે. જન્મથી માંડી મૃત્યુ સુધી કસોટીકાળ ચાલતો જ રહે છે. વિશેષ કરીને માણસજાત માટે, કારણ કે સમગ્ર જીવસૃષ્ટીમાં માણસે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. કારકિર્દી બીજા કોઇ જીવને સતાવતી નથી. સિંહના બચ્ચાને શિકાર કરવા કોઇ તાલીમ શાળામાં દાખલ થવું પડતું નથી. ચકલીનું બચ્ચું સમય થતા આપમેળે પાંખો ફફડાવતું ઉડતું અને ચણ લઇ આવતું. અરે માળો બનાવતા પણ શીખી જાય છે. એની મમ્મી કે પપ્પાને કાન આમળી કરી ધમકાવવું નથી પડતું કે, ડફોળ! હવે ઊડ, હવે જા, તારી જાતે ચણી આવ!

સૌ પહેલાં કારકિર્દીનો આટલો બધો કકળાટ કાને ન્હોતો પડતો, કારણ.. કે વેપારીનો દિકરો વેપારમાં લાગી જાય, સુથારનો દિકરો સુથારી કામ શીખી જાય... લગભગ જાતિગત વ્યવસાયથી જ સૌનું ગાડું ગબળતું રહેતું બેરોજગારીના બિહામણો ચહેરો અત્યારે જેટલો બીવડાવે છે. એવું પહેલા ન્હોતું. હવે નો યુગ Experimentation નો આવ્યો છે.

હજામની દુકાનો હવે આધુનિક બ્યુટી પાર્લરમાં, બકાલા (શાક વેચનારા) બિગ બાજારમાં પરિવર્તિત થઇ ચુક્યા છે.

**ચાલો- મૂળ વાત પર પાછા આવીએ.**

બાળકો માટે શિક્ષણ જરૂરી છે જ અને શિક્ષણમાં પરીક્ષણ પણ એટલું જ અનિવાર્ય છે. દૂષણ તરીકે એને સર્વમાન્ય સ્વીકૃતી મળી ચૂકી છે. કારણ?

કારણ કે, શિક્ષણની સાચી સંકલ્પના ભૂસાઇ ગઇ છે. પરીક્ષાલક્ષી શિક્ષણના વંટોળે દાટ વાળ્યો છે. ગુણાંકન પદ્ધતિને બદલે ગ્રેડ એના લીધે શિક્ષણ આપનારા સૌએ પરીક્ષાને પ્રેતનું સ્વરૂપ આપી દીધું છે. સરકાર તરફથી સ્પષ્ટ જાહેરાત થઇ હોવા છતાં દુધ પીતા બાળકોના મનમાં પરીક્ષાના પ્રેતને ઘુસાડી દેવાના થાય એટલા પ્રયાસો થતા રહે છે.

કુમળા ફુલ જેવા માસુમ બાળકો પણ પરીક્ષાના નામથી થથરી ઊઠે એટલે હવે પરીક્ષાના પ્રેતનું વિકરાટ સ્વરૂપ વકર્યું છે.

બંધાજ માતા-પિતા પોતાના બાળકોને ડૉક્ટર, એન્જિનિયર કે માર્કેટીંગ મેનેજર બનાવી દેવા માંગે છે. જાણે તે એ સિવાય આ દુનિયામાં બીજો કોઇ દૂઝણો વ્યવસાય નથી!

આવી વિકરાળ પરિસ્થિતિને વકરતી અટકાવવી હોય તો આપણે સૌ જે કોઇ રાષ્ટ્રની અનમોલ ભાવી સંપત્તિના ઉછેરની ઘડતરની જવાબદારી લઇને બેઠા છીએ એવા સંતાનનાં માતા-પિતા શિક્ષકો, શિક્ષણકારો, સંવાદકો સૌએ સહિયારા પ્રયાસો હાથ ધરીને પરીક્ષાના પ્રેતને હણી એની સાથે પરીક્ષાર્થી હેત કરતો થાય એવું વાતાવરણ ઊભું કરવાનો સમય આમ તો હાથથી સરકતો જાય છે. છતાં ‘‘દેર આયે દુરુસ્ત આયે’’ કહેવતને કામે લગાડી થોડાક ક્રમિક ઉપાયો તરફ લક્ષ્ય કરવું જરૂરી છે.

**‘‘રોગ ઘણો છે જૂનો, પણ દર્દી છે નવો**
**ઈલાજના પ્રારંભે બોલો, પહેલા કોને ગણવો?**
**પાણી વીના ભીંજવે પૂરો,**
**જળમાં કોરો રાખે,**
**સમજણના દુષ્કાળે બોલો, રેલો કોને ગણવો?’’**

**માતા-પિતા શું કરશે?**

પરીક્ષાના પ્રેતને હણી બાળકને એની સાથે હેત કરતું કરવા માટે પ્રથમતો માતા-પિતા પાસે અપેક્ષિત જોગવાઇઓ.

બાળક ઈશ્વરનું સૌથી અનુપમ સર્જન છે, એના જતનની જવાબદારી ફુલોના છોડને ઉછેરતા માળી કરતાં ઘણી વિશેષ છે. અફસોસ આંગણમાં સુંદર બગીચો બનાવી કોલર ઊંચા કરતા મધર-ફાધર! પોતાના બાળકના ઉછેર પ્રત્યે બિલકુલ અણઘડ અને બેજવાબદાર રહેતા નજરે પડ્યા છે. પેટિયું રળવાની પળોજણમાં વહેલી સવારે ઘર છોડી જતાં બિચારા મજુરોને આમાંથી બાકાત રાખી શકાય ખરા! માતા-પિતા બાળકના પાલક અને માર્ગદર્શક બનો; ચાલક નહીં. વ્યવસ્થિત ચિંતન કરતા રહો. બાળક સાથે ઉષ્માપૂર્ણ વ્યવહાર રાખો, એની નાની-નાની હરકતો તરફ સજાગ રહો. બાળક કશું ખોટું કરતું અથવા વિરોધાભાસી વર્તન કરતું જણાય તો પહેલા તમારી જાતને તપાસો.

બાળકને અઢળક ધન નહિ આપો તો ચાલશે પરંતુ એના મન અને તનને તંદુરસ્ત બનાવશો તો ધન એ આપમેળે રળી લેશે.

**શિક્ષકો શું કરી શકો?**

સવાલ તદ્દન ટૂંકો અને સરળ હોવા છંતા જવાબ બહુ જ અઘરો છે. સામાન્ય રીતે કોઇ શિક્ષકને આ સવાલ પૂછવામાં આવે તો ઝડપથી આવો જ ટૂંકો જવાબ આપી હાથ ખંખેરી નાખે. શિક્ષકતો ભણાવે.

પણ ના....

આ જવાબ જ ખતરનાક છે, આવી સંકલ્પના પણ! બાળકના વિકાસ માટે, ઘડતર માટે શિક્ષકની ભૂમિકા પડકાર જનક છે. છતાં એમ કહી શકાય કે પોતાના વિષયને રસપ્રદ રીતે વિદ્યાર્થીઓના તાસને ત્રાસ ન માનતાં હોંશે હોંશે ભણે, વર્ગ છોડીને ભાગી જવાની વૃત્તિ ન રાખે બલ્કે એના વર્ગમાં એવું ચુંબકીય વાતાવરણ સર્જે કે જેથી ભાગી ગયેલા વિદ્યાર્થીઓ પણ એના વર્ગમાં ખેંચાઇને આવે સારા શિક્ષકનો કોઇ પર્યાય નથી. જે વિદ્યાર્થીઓ ક્ષમતાવાળા હોય છે. એ તો કદાચ આપમેળે, આપસૂઝથી તૈયાર થઇ જશે. પરંતુ ઓછી ક્ષમતાવાળાને પ્રેમહૂંફ અને યોગ્ય માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓમાં પડેલી શક્તિઓનો મહત્તમ ઉપયોગ કરતાં શીખવે, એ સાચો શિક્ષક આ સંદર્ભમાં બે પંક્તિ ઘણું કહી જાય છે.

‘‘खिल जाएंगे मचले हुए कुचले हुए फूल
शर्त बस ये है कि उन्हे ज़मीं से उठाकर
सीने से लगाना होगा’’

જે શિક્ષકને પોતાના શિક્ષણકાર્ય દરમ્યાન શિસ્ત માટે સૌથી ઓછા ઘાંટા પાડવા પડે એ સફળ શિક્ષકનું પહેલું લક્ષણ. સૌ પ્રથમ શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓમાં આત્મશ્રદ્ધા, વિશ્વાસ, પરિક્ષાની તૈયારી કેવી રીતે કરવી, પરીક્ષા સમયે ત્રણ કલાકનો આયોજન પૂર્વક ઉપયોગ કરી, હળવા બની ઉત્તરો લખવાની સમજ કેળવવાનું કામ અગત્યનું છે. આટલી જ સમજથી એની ટકાવારીમાં વિદ્યાર્થી આશ્ચર્યજનક સુધારો કરી બતાવશે.

અને છેલ્લે.... પરીક્ષાર્થીઓ માટે:


૧. **તમને જે નથી આવડતું એની ચિંતામાં ફસાવા કરતાં તમને જે આવડે છે એ તરફ મનને તૈયાર કરશો તો નિરાશા નહિ મળે.**
૨. **પરીક્ષાના છેલ્લા દિવસોમાં તમે તમારી લખવાની શક્તિની કસોટી કરી લો તમને કેટલું આવડે છે એના કરતાં તમે ત્રણ કલાકમાં કેટલું અને કેવું લખી શકો છો એની ઉપર જ પરિણામ નક્કી થાય છે.**
૩. **પરીક્ષાના બે-ત્રણ દિવસ અગાઉ સંપૂર્ણ ભારમૂક્ત બની જાઓ- હળવા ફૂલ.**
૪. **પરીક્ષા ખંડમાં સ્વસ્થ મને , પૂરા આત્મવિશ્વાસ સાથે તમારું સ્થાન ગ્રહણ કરો.**
૫. **ઉત્તરવહી હાથમાં આવતાં જ ઉપરની માહિતી સ્પષ્ટ-સ્વચ્છ અક્ષરો લખો.**
૬. **તમારા ખિસ્સામાં ભૂલથી પણ કંઇ વાંધાજનક ચિઠ્ઠી-ચબરખી રહી નથી ગઇ તેને તપાસી લો.**
૭. **પ્રશ્ન લખવાનું શરૂ કરો ત્યારે જે પ્રશ્નોના ઉત્તર તમને સરસ આવડતા હોય તેને પહેલા લખો. સમયની બચત થશે. આત્મવિશ્વાસ વધશે અને એકંદરે પરિક્ષક પર સારી અસર ઉભી થશે.**
૮. **પ્રશ્નના પેટા પ્રશ્નોને સ્પષ્ટ ક્રમાંક આપો.**
૯. **નવો પ્રશ્ન નવા પાના પર જ શરું કરો.**
૧૦. **ન આવડતા પ્રશ્નોને છેલ્લે લખો. અને બધા જ પ્રશ્નોના ઉત્તર લખો.**
૧૧. **છેલ્લી પંદર મિનિટમાં ઉત્તરવહી- પૂરવણીને યોગ્ય ક્રમાંક સાથે બાંધી આગળની માહિતી વ્યવસ્થિત કાળજીપૂર્વક ભરી દો.**

માત્ર તંરગોથી પરીક્ષાની નૌકા કિનારે નથી પહોંચતી અને મક્કમ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

છેલ્લે એક જ વાત,


Your best friend is yourself and worst enemy is also yourself, isn’t it?

**મારા વિદ્યાર્થી મિત્રો માટે એક પ્રાર્થના..**
**તુ તારા દિલનો, દીવો થા ને,**
**ઓરે ઓરે ઓ અભાયા.**
**રખે કહી તું ઉછીના લેતો**
**પારકા તેજ ને છાયા**
**એરે ઉછીના ખૂટી જશે ‘ને’**
**પડી રહે પડછાયા.....**



સૌ પરીક્ષાર્થી મિત્રો... આવતી કાલના અન્વેષકો... તમને તમારી યોગ્યતા પ્રમાણેનું શુભ ફળ પ્રાપ્ત થાય એવી હાર્દિક શુભેચ્છાઓ.

**નિમિષાબેન સથવારા**
**આચાર્ય, ત્રિપદા હાઈસ્કૂલ, રન્નાપાર્ક, અમદાવાદ**



# સુપ્રિયાની મજા ને માને સજા



આજે સુપ્રિયા કોલેજથી આવી છે ત્યારથી કંઈ ખબર પડતી નથી પણ કંઈક આમતેમ ફર્યા કરે છે ને આઘીપાછી થયા કરે છે, કોઈ દિવસ નહીં ને રસોડામાં આવીને મને કહેવા લાગી, 'મમ્મી, તું જા બીજું કામ કર. હું રોટલી ઉતારી દઉં છું. પછી આપણે જમવા બેસી જઈએ.' ને મને તો ખૂબ નવાઈ લાગી. આજે શું સોનાનો સૂરજ ઊગ્યો છે? આટલાં વર્ષોમાં સુપ્રિયાએ ક્યારેય આવો પ્રસ્તાવ મૂક્યો નથી. અરે ! હું ગમે તેટલી માંદી ના હોઉં ! થોડી મદદ કરવા કહું તો કહેશે : 'મારે કોલેજ જવાનું મોડું થાય છે. મને ટાઈમ નથી. મમ્મી તું ખીચડી મૂકી દેને! તારે ચાલશે. હું તો કોલેજથી આવતા થોડું ઘણું બહાર ખાઈ લઈશ.'

હજી સુધી ક્યારેય સુપ્રિયાની વણેલી રોટલી મેં ખાધી નથી. ને હું ય મૂઈ એવી છું ને, ઘણું ય મનમાં નક્કી કરું કે હવે સુપ્રિયા મોટી થઈ છે. એને રસોઈ તો આવડવી જ જોઈએ ને અને એટલે હવે એને કામમાં જોતરવી જ છે. પણ પાછું મારું મન પાછું પડે. બિચારીને સાસરે જઈને તો ભઠિયારો કરવાનો જ છે ને ! તો છો ને અત્યારે બિચારી હરીફરી લેતી. લહેર કરવાના એને માટે આ જ દિવસો છે ને ! ને આમેય છોકરાં ભણતાં હોય ત્યારે ક્યાંથી ટાઈમ કાઢે ? આજકાલ તો ભણવાનું ય કેટલું બધું વધી ગયું ?

ત્યાં તો સુપ્રિયાએ બૂમ પાડી, 'મમ્મી જમવા ચાલ. ટેબલ પર બધું તૈયાર છે.'ને હું ને સુપ્રિયા જમવા બેઠાં. રોજ સવારની કોલેજ એટલે બપોરે તો હું ને સુપ્રિયા બે જ ટેબલ પર હોઈએ. જમતાં જમતાં સુપ્રિયાએ ધીરે રહીને વાત શરૂ કરી.

'મમ્મી, એક વાત પૂછું ?'

'પૂછને બેટા! કેમ આજે આવું પૂછે છે ?'

'ના.... પણ તોય મમ્મી.'

ને હું ચૂપ રહી. ત્યાં તો તેણે શરૂ કર્યું, 'મમ્મી, અમારી કોલેજમાંથી પિકનિક જવાની છે, નળસરોવર. શનિવારે સવારે જવાનું છે. કદાચ સાંજે પાછા આવી જઈએ પણ જો બરાબર પક્ષી જોવા ન મળે તો કદાચ રવિવારે પાછા અવાય. હું જાઉં ને મમ્મી?' ને એક આંચકા સાથે મારો હાથમાં લીધેલો કોળિયો ત્યાં ને ત્યાં જ અટકી ગયો. હું વિચારમાં પડી ગઈ. 'શું કહેવું? આટલા મોટા, કોલેજમાં જતાં છોકરાઓને શું કહેવું? 'ના' કહીશ તો એ મારે કીધે માનવાની નથી ને 'હા' કહું તો મારું મન માનતું નથી. કરવું શું ? 'દીકરી એટલે સાપનો ભારો' કહેનારે ખોટું કહ્યું નથી. દીકરીને સાચવવી એ કંઈ સહેલી વાત નથી. મનમાં તો અનેક વિચારોનો વંટોળ જાગ્યો પણ છતાંય પ્રયત્નપૂર્વક સ્વસ્થતા જાળવી મેં પૂછ્યું: 'બેટા ! તમે લોકો કોણ કોણ જવાનાં છો? શામાં જવાનાં છો? સાથે ક્યા પ્રોફેસર આવવાના છે?'' 'મમ્મી, મારું આખું ય ગ્રુપ જવાનું છે. ફક્ત ચિંતન અને કરિશ્મા નથી આવવાનાં. ચિંતનના કાકાને ત્યાં લગ્ન છે અને એને નથી ફાવે એવું એટલે એણે ના કહી એટલે કરિશ્માએ પણ માંડી વાળ્યું. અમે તો એને ઘણી સમજાવી કે 'અમે બધાં તો છીએ. તું ચાલને!' પણ કહે, 'ચિંતન ન હોય તો મને મઝા ન આવે.' સાવ ગાંડી નહીં તો!...'


ને હું વાત પામી ગઈ કે આમાં એકબીજા સાથે ગોઠવાયેલાં છોકરા છોકરીઓ જ સામેલ હશે. મને સુપ્રિયાએ ક્યારેય આ અંગે કશી વાત કરી નથી. પણ મને ય મનમાં પ્રશ્ન ઊભો થયો. એણે કોને પસંદ કર્યો હશે? પણ ઉંમરલાયક અને આવા નાજુક તબક્કામાં, એને પૂછવું કેવી રીતે ? મનમાં અપાર મૂંઝવણ હતી.

'સાથે પ્રોફેસર કોણ કોણ છે?' મેં ફરી પૂછ્યું.

અને એટલે સુપ્રિયા જરા છેડાઈ પડી, 'મમ્મી, તું તો જાણે હું નાની કીકી હોઉં એવી જ રીતે વાત કરે છે. સ્કૂલમાંથી મને પિકનિક પર મોકલતી ત્યારે હંમેશા પૂછવા આવતી કે 'કયા ટીચર સાથે જવાનાં છે?' ને પછી જ તું મને પિકનિકમાં જવા દેતી. પણ હવે તો હું મોટી થઈ છું. કયા પ્રોફેસર આવે ને કદાચ આવે કે ન આવે મને શું ફેર પડે છે? હવે હું કંઈ નાની ઓછી જ છું કે મને સાચવવી પડે! તું 'હા' કહે કે 'ના' કહે હું તો જવાની જ છું.' એમ કહેતાં તો તે ટેબલ પરથી ઊભી થઈ ગઈ. સુલભાબહેનનું હજી જમવાનું પૂરું તો થયું ન હતું પણ આ બધું સાંભળી તેમના ગળે કોળિયો ઊતરતો બંધ થઈ ગયો. ભાણું એમનું એમ મૂકી તે રૂમમાં આવ્યાં. પથારીમાં પડ્યાં પડ્યાં મગજમાં ઊમટેલાં પ્રલય ધમસાણામાં ઊંડા ઉતરી ગયાં. સુપ્રિયા જન્મી ત્યારે હું ને અતુલ કેવાં ઘેલાંઘેલાં થઈ ગયાં હતાં! પહેલાં ખોળાની દીકરી એટલે તો લક્ષ્મી જ ને! અને એટલે અમે એનાં પેંડા વહેચ્યા હતા. ને એના ઉછેર પાછળ મેં રાતદિવસ ટાઢતડકો કે ભૂખ-તરસ કશું જ જોયું નથી. જીવથી ય અધિક એનું મં જતન કર્યું છે. અરે! સુપ્રિયાનું સહેજ આંખ-માથું દુઃખે તો મારો ને અતુલનો જીવ જાણે તાળવે ચોંટી જતો. એને માટે મેં શું શું નથી કર્યું? ડાન્સિંગ કલાસ, ચિત્ર કલાસ, સંગીત કલાસ, સ્કેટીંગ.... ક્યાંય કશું જ બાકી રાખ્યું છે? કેટકેટલી દોડ કાઢી છે તેની પાછળ? મનમાં સતત એક જ રટણ હતું. મારી સુપ્રિયા લાખોમાં એક હોય તેમ જુદી તરી આવવી જોઈએ. આવડતમાં તો તે ક્યાંય પાછી પડે તેવી નથી. ને ભણવામાં ય ભલે હંમેશાં પહેલી નથી આવી પણ પહેલા પાંચમાં તો હોય જ અને એટલે જ તો કોલેજમાં અત્યારે એ પાંચમાં પુછાય છે ને! ને ઈશ્વરે ભલે એને રૂપ ખોબલે ને ખોબલે નથી આપ્યું, વાને ભલે જરા શામળી છે પણ એનો બાંધો, એનો ચહેરો, એની આંખો, કેવું પ્રભાવશાળી એનું વ્યક્તિત્વ છે! ક્યાંય જઈને ઊભી રહે તો જાણે સામા માણસને તેની પ્રતિભાથી આંજી દે તેવો એનો પ્રભાવ છે. સ્કૂલમાં હતી ત્યાં સુધી તો હું એને માટે ગર્વથી માથું ઊંચું રાખી ચાર વચ્ચે એનાં વખાણ કરતાં થાકતી ન હતી. પણ સુપ્રિયા જ્યારથી કોલેજમાં આવી છે ત્યારથી જાણે કે એનું વર્તન જ બદલાઈ ગુયં છે. મન ફાવે એમ જ કરવું. મને કે અતલુને 'શું ગમશે' કે 'શું નહીં ગમે' તેનો જરાય વિચાર જ નહીં કરવાનો. ક્યારેક તો જાણે મારાથી કહેવાતું ય નથી ને સહેવાતું ય નથી.

હવે આજે પિકનિકની રઢ લઈને બેઠી છે પણ છોકરાં-છોકરીઓ આમ એકલાં આવી રીતે જાય એ મને તો બિલકુલ ગમતું નથી. આ બોયફ્રેન્ડ ને ગર્લફ્રેન્ડના જમાનાએ તો સત્યનાશ વાળ્યું છે. આ ઉંમર એટલે યૌવનનો ઉન્માદ તો હોય જ. ને એમાં વળી મળે એકાંત. સાથે કોઈ વડીલ હોય નહીં. ને એમાં ક્યાંક મર્યાદાની પાળ તૂટીને લક્ષ્મણરેખા ચૂકી ગયાં તો! આ તો છોકરીની જાત છે. એક વખત ડાઘ લાગે પછી કંઈ ભૂસી ઓછો જ શકાય છે! જિંદગી ધૂળધાણી ન થઈ જાય ? પણ સમજે એને ને! આપણો તો સમાજે ય કેવો છે ? નથી ને કંઈ થયું તો મારે તો ઝેર ઘોળવા વારો આવે. લોકોને મોં શું દેખાડું ? લોકો તો મને ચૂંટી જ ખાય ને કે એની માએ શું ધ્યાન રાખ્યું? આટલી જુવાનજોધ દીકરીને આવી છૂટ જ કેમ અપાય? દીકરીની જાત છે. બધું શીખવવું ન જોઈએ? શું માની જવાબદારી નથી? પણ ભલા આ બધું શીખવવું કેવી રીતે? ઘણીય વાર વાતવાતમાં તો કહું છું કે આપણે સ્ત્રીઓનો અવતાર બહુ ખોટો છે. લાખ જવાબદારીઓ ઈશ્વરે આપણે માથે નાંખી છે. પુરુષને છે કશી જવાબદારી? આપણો તો સહેજ પગ અવળો પડ્યો કે આખું ગામ જાણે. ને ગઈ નવરાત્રી પછી એની જ કલાસની પેલી છોકરીને મીસકેરેજ કરાવવું પડ્યું તેમ તે કહેતી નહોતી! ને ત્યારે મેં તેને કહેલું કે બેટા! આપણી જાતને સાચવવી એ આપણા હાથમાં છે. પુરુષો તો બધા નર્યા ભમરા જ હોય. ફૂલે ફૂલે મધ ચૂસવા ભટક્યા કરે. એમને નહીં નાહવું ને નહીં નીચોવવું, જે છે એ બધી ચિંતા તો આપણે જ છે. ને તોય એ ભમરા આપણી સહેજ ખુશામત કરે. પ્રશંસા કરે એટલે આપણે જાણે ફૂલ્યાં ફાલ્યાં થઈ જઈએ. ને જાણે ઘડી વારમાં તો જાત ન્યોછાવર કરી દઈએ. ને એમાં જ તો આ બધી રામાયણ ઊભી થાય છે ને!'

ને હજું હું આમ કહું ત્યાં તો જાણે એ ઊભી થઈ ફટ દઈને બારણું પછાડતીકને રૂમ બહાર ચાલી ગઈ. હવેનાં છોકરાઓને તો જાણે કશું જ કહેવાતું નથી. તો પછી ચાર શબ્દો શિખામણના આપવાની તો વાત જ ક્યાં? એમાં ય આ ટી.વી. પિક્ચરોએ તો સત્યાનાશ વાળ્યું છે. એક બાજુ યુવાનીનો ઉન્માદ ને બીજી બાજુ ચારે બાજુ વૃત્તિઓને બહેકાવે એવાં દશ્યો. નાનપણથી ગમે તેટલા પ્રયત્નો કરી સંસ્કાર રેડ્યા હોય પણ આટલાં બધાં પ્રદૂષણ વચ્ચે અચળ બની ટકી રહેવું તે કંઈ સહેલી વાત છે ? ને તેમાં વળી આવી પિકનીકોનું આયોજન થાય એટલે તો પછી આ બધા પર ક્યાંય કાબૂ જ ક્યાંથી રહે? જિંદગીની મોજ માણી લેવાનો જાણે એમને નશો ચડ્યો ન હોય, પણ હું એને કેમ કરીને સમજાવું કે, 'તમારી મજા એ અમારી સજા છે.' યુવાનીના ઊંબરે સુપ્રિયાએ પગ મૂક્યો છે ત્યારથી એની મા માની તો ઊંઘ હરામ થઈ ગઈ છે. કોને કહું ? શું કરું ?



**ડો. ઊર્મિલા શાહ**
**ટ્રસ્ટી અને એક્ઝિક્યુટીવ કમિટી મેમ્બર, શારદા વિદ્યામંદિર**

# મને મનનો અવાજ સંભળાય છે



શાળામાં ભણતા બે જીગરજાન મિત્રો. સાથે હરવા - ફરવાનું, સાથે ખાવા-પીવાનું, સાથે નાચવા ગાવાનું. એક જ્યાં હાજર હોય ત્યાં બીજો હાજર હોય જ. શાળા પૂરી કરીને કોલેજમાં જવાનું થયું અને બને મિત્રો છૂટા પડ્યા. જેમ જેમ સમય પસાર થવા લાગ્યો તેમ તેમ બંને વચ્ચેનું અંતર પણ વધવા લાગ્યું.

વર્ષો પછી બંને મિત્રો અચાનક ભેગા થઇ ગયા. એકબીજાને મળીને ખૂબ જ આનંદ થયો. બંને એકબીજાના જીવન વિષે જાણવા ઉત્સુક હતા. એક બગીચામાં ચાલતાં ચાલતાં બંને એકબીજાને શાળા પછીના જીવન વિશે વાતો કરવા લાગ્યા.

"શાળા પૂરી કરીને મેં કોલેજમાં પ્રવેશ મેળવ્યો. એક પૈસાદાર બાપની દીકરી સાથે મારી ઓળખાણ થઇ. એની સાથે જ લગ્ન કરી લીધા. આજે ૪ ફેક્ટરીઓનો માલિક છું અને લાખો રૂપિયા કમાઉં છું." બીજો મિત્ર ધ્યાનથી આ વાતો સાંભળી રહ્યો હતો. એ ખિસ્સામાંથી રૂમાલ કાઢવા ગયો તો એક સિક્કો પણ ખિસ્સામાંથી નીચે પડી ગયો. એને તો કંઇ ખબર જ નહોતી. એ મિત્રની વાત સાંભળવામાં મશગૂલ હતો પણ વાત કરી રહેલા મિત્રને સિક્કો પડવાનો અવાજ સંભળાયો એટલે એણે જોયું અને મિત્રનું ધ્યાન દોર્યું કે તારો સિક્કો નીચે પડી ગયો છે.

પેલા મિત્રએ સિક્કો ઉપાડીને ખિસ્સામાં મૂક્યો અને પોતાની વાત કરતા કહ્યું, "મેં કોલેજ પૂરી કરીને શિક્ષક તરીકેની કામગીરી શરૂ કરી કારણ કે મને જીવંત બાળકો સાથે કામ કરવું ખૂબ ગમતું હતું. અત્યારે હું આ જ ગામની શાળામાં શિક્ષક તરીકેનું કામ કરું છું." ઉદ્યોગપતિ મિત્ર તરત જ બોલ્યો, "ઓહ માય ગૉડ, આપણા બંને વચ્ચે કેટલો મોટો તફાવત છે. યાર, હું લોખો રૂપિયા કમાતો મોટો ઉદ્યોગપતિ અને તું સામાન્ય શિક્ષક."

શિક્ષક મિત્ર પોતાના આ અમીર મિત્રને વાત કરતો અટકાવીને કંઇક સાંભળવા લાગ્યો. બાજુમાં નાની ઝાળીમાં એક પતંગિયું ફસાયું હતું. શિક્ષકે એ પતંગિયાને ઝાળીમાંથી મુક્ત કર્યું અને બંને ફરીથી ચાલવા લાગ્યા. ઉદ્યોગપતિ મિત્રએ કહ્યું, "અરે યાર, આ નાના પતંગિયાનો અવાજ તને કેવી રીતે સંભળાયો?"

શિક્ષકે જવાબ આપતા કહ્યું, "દોસ્ત, તને જેવી રીતે મારા સિક્કાનો અવાજ સંભળાયો હતો એવી રીતે મને આ પતંગિયાના કણસવાનો અવાજ સંભળાયો હતો. તું સાચો જ છે આપણી વચ્ચે બહુ મોટો તફાવત છે. તને ધનનો અવાજ સંભળાય છે અને મને મનનો અવાજ સંભળાય છે."

માત્ર ધનનો જ અવાજ સાંભળવા માટે ટેલાયેલા આપણા કાનને થોડો મનનો અવાજ સાંભળવાની પણ ટેવ પાડવી જેથી સમતોલ જીવનનો આનંદ લઈ શકાય.

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

માતા-પિતાએ બાળકને મિત્ર બની સમજણ આપવી જોઈએ

# બાળકને સમજો. વિદ્યાર્થી ઘડતર...

એક વાત બધાએ સ્વીકારી લીધી છે કે બાળકને તથા વડીલોએ પણ અભ્યાસમાં લાગતા થાકને હળવો કરવા માટે તથા અભ્યાસને રસપ્રદ બનાવવા માટે શિક્ષણ પ્રક્રિયા હળવી બનવી જોઈએ. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે આ આનંદ- હળવાશ આપવાને બહાને શિક્ષણમાં એવી કેટલીય ઢગલાંબંધ વસ્તુઓ દાખલ થઇ ગઇ છે જે કેવળ માનવ(માણસ) ને આળસું અને અસંસ્કારી બનાવે છે.

આ આનંદ અને હળવાશના બહાના હેઠળ વિદ્યાર્થીઓમાં રહેલી બુદ્ધિશક્તિ, વિચારશક્તિ, તર્કશક્તિ, ક્રિયાત્મકશક્તિ પ્રગટ થવાને બદલે નાશ પામતી જોવા મળે છે. આજે વિદ્યાર્થી વધુ ને વધુ આળસુ બનતા જાય છે. અભ્યાસના બદલે ટી.વી., મોબાઈલ, લેપટોપ, કમ્પ્યૂટરમાં વધુ રસ જોવા મળે છે. ઈન્ટરનેટ પર ફેસબુક, વોટ્સઅપમાં વિદ્યાર્થીઓ વધુ સમય ઓનલાઈન જોવા મળે છે. તો શું આ છે આપણું ભાવી? આ છે વિદ્યાર્થીનું ઘડતર? આ બધી બાબત સંવેદનશીલ અને ગંભીર છે જેમાં સુધારો અત્યંત આવશ્યક છે.

માતા-પિતા આજે બાળકથી ડરતા થઇ ગયા છે. માતા પિતા બાળકની બધી જરૂરિયાતો સંતોષે છે. પરંતુ બાળક તેનો ગેરલાભ લે છે. માટે દરેક માતા પિતાએ બાળકને ઉંમર પ્રમાણે સમજ આપવી જોઈએ. તેના મિત્ર બની રહેવું જોઈએ. તેમને સારા-નરસા પાસાઓ સમજાવવા જોઈએ. માતા પિતાની બાળકના વિકાસ-ઘડતરમાં અગત્યની ભૂમીકા છે. બાળકની નાની-મોટી બધી જરૂરીયાતો સંતોષવી એ માતા-પિતાની ફરજ છે અને આ ફરજ એ ક્યારેય ચૂકતા નથી. પોતે ભૂખ્યા રહીને પણ બાળકની જરૂરીયાત પૂરી કરે છે. પોતે મજૂરી કરી, ઓવર ટાઈમ જોબ કરી બાળકની જરૂરીયાતો સંતોષે છે. પરંતુ સાથે-સાથે બાળકને મોટા-નાના બધા માટેનો આદર, પ્રેમ, ભાવ, વિવેક, શિક્ષકો આચાર્ય સાથેનો વ્યવહાર બધાને મદદરૂપ થવાની ભાવના, મહેમાનોનું આદર-આવકાર, દરેક સ્ત્રીને માટે માન-સન્માનની ભાવના આ બધી બાબતો માટે આદર સમજાવવું જોઈએ.



**આજનું બાળક સમાજનું ઘડતર, સમાજનું ભાવી છે. તો આપણે બાળકને તેમની દેશ માટેની ભાવના સમજાવીએ. સમાજ માટેનું ઘડતર તેમના હાથમાં છે**

બાળકને સતત ટી.વી., લેપટોપ, મોબાઈલ સામે ન બેસાડવા ને બદલે થોડીવાર (થોડો સમય) (૩૦ મીનીટ) ક્રિકેટ, વોલીબોલ, ફુટબોલ, ટેનીસ, દોરડા કુદવા, સારા પુસ્તકો વાંચવા માટેની સમજ આપવી. આ પ્રકારનું કામ કરવા માટે પ્રેરિત કરાવા, જેથી તંદુરસ્તી પણ સારી રહે. થોડો સમય ટી.વી. પણ જોવું, થોડાં સમય માતા-પિતા(પરિવાર) સાથે રહેવું- બેસવું નહિ કે સતત મોબાઈલ, ફેસબુક કે વોટ્સઅપ પર (બેસી રહેવું), વ્યસ્ત રહેવું.

આજના યુગના બાળકમાં ઘણી બુદ્ધિશક્તિ, સર્જનશક્તિસ અને તર્કશક્તિ છે. તેઓ નવું- નવું સંશોધન કરવા માટેની સર્જન ક્ષમતા ધરાવે છે. પરંતુ ટેકનોલોજીના ગેર ઉપયોગને કારણે આ બધુ બાળકમાં અંદરજ સિમિત રહે છે. બહાર આવતું નથી, આજના વિદ્યાર્થીઓ ગણિત જેવા વિષયમાં નાના-નાના સરવાળા, બાદબાકી, ગુણાકાર પણ કેલ્ક્યુલેટર વગર કરી શકતા નથી. જનરલ નોલેજમાં પણ પાછળ રહી જતા જોવા મળે છે. આજનું બાળક સમાજનું ઘડતર, સમાજનું ભાવી છે. તો આપણે બાળકને એ સમજાવીએ તેમની દેશ માટેની ભાવના, સમાજ માટેનું ઘડતર તેમના હાથમાં છે. એ માટે થોડી બાબતોનું ધ્યાન રાખીએ.

- બાળકો, વિદ્યાર્થીઓને ન્યુઝ પેપર વાંચવાની ટેવ પાડી શકીએ.
- ટી.વી.માં માત્ર ૧૦:૧૫ મિનિટ સમાચાર જોવા માટેની ટેવ પાડી શકીએ.
- સમાજમાં જે નવા-નવા કાયદાઓ, નિયમો આવે છે તેની માહિતી બાળકને મળતી રહે.
- ફ્રી સમયમાં સારા-સારા પુસ્તકોનું વાંચન કરવાની ટેવ પાડી શકીએ.
- હંમેશા હકારાત્મક વાતો કરવાની, હકારાત્મક વિચારો કરવાની ટેવ પાડી શકાય.
- દેશનું રક્ષણ, વૃક્ષોનું રક્ષણ-જતન અને સ્ત્રીઓનું રક્ષણ-માનસન્માનનું મહત્વ સમજાવીએ.
- ઇન્ટરનેટનો શિક્ષણ માટે યોગ્ય ઉપયોગ સમજાવીએ.

**હેતલ. બી. જોષી, આચાર્ય, પાઠક સ્કૂલ, રાજકોટ**

# ટીકા વચ્ચે રહી કાર્યની હોડી કઇ રીતે હંકારશો?



નીલમબેન, કેમ આજે આમ હતાશ થઈને માથા પર હાથ દઈને બેસી રહ્યાં છો? શું તબિયત સારી નથી? કંઈ ચિંતા સતાવી રહી છે? નયનાબેન બોલ્યા.

ના રે, તબિયત સારી છે અને કોઇ ચિંતા પણ નથી. મને વળી શેની ચિંતા? પ્રભુ કૃપાથી હું સર્વ પ્રકારે સુખી છું. સંપતિ, સંતતિ, શારીરિક સ્વાસ્થ્ય બધું જ જળવાઈ રહ્યું છે. પણ.......... પણ શું? આજે કોણ જાણે કેમ પેલા નર્મદા માસી આવીને મારા કાર્યની કદર કરવાને બદલે ટીકા ટિપ્પણ કરીને ગયા. હું મૂર્ખ છું, મારામાં કોઈ અક્કલ નથી, અજ્ઞાની છું, સમજણ વગરની છું વગેરે વગેરે...........

ત્યારથી મારું મન ઉદાસ થઈ ગયું છે. વિચારું છું કે એવી મારાથી કઈ ભૂલ થઈ ગઈ કે આજે પેલા નર્મદામાસી આવીને મને આટલું બધું સભળાવી ગયા.

નયનાબેન નીલમબેનને એક પીઢ અને અનુભવની એરણ પર ઊભા રહી સાંત્વન આપવા લાગ્યા. અને થોડા સમય પહેલા જ તેમણે તેમના વાંચવામાં આવેલ કેળવણી અંગેની માંડીને વાત કરવાનું ચાલું કર્યું.

**ટીકા તો જીવનની રમતોનો એક ભાગ છે. કેટલાક ખેલદિલી પૂર્વક રમે છે જ્યારે કેટલાક રમત ન ગણતા ગંભીરતાપૂર્વક લે છે.**

નિલમબેન સાંભળો, તમે અબ્રાહમ લિંકનનું નામ તો સાંભળ્યું જ હશે ખરું ને? તેમને તેમના જ સાથીમિત્રે કરેલા કાર્ય અંગે ટીકા કરે તો શું કરવું જોઈએ? આપણે આપણા કામની હોડી કઈ રીતે હંકારવી જોઈએ? વગેરે પ્રશ્નોના જવાબમાં પેલા મહાપુરુષે સાદી સરળ ભાષામાં શું ઉત્તર આપ્યો તે સાંભળો. તેમણે જવાબ આપ્યો, દરિયામાં ચારે તરફ પાણી જ પાણી હોય છે અને તેમાં જ દરેક હોડીએ આગળ જવાનું હોય છે. પાણી જથ્થાબંધ હોય અને તેથી ઉછળ-કૂદ કર્યા વગર રહી શકે જ નહીં, લોકો પણ ટીકા કર્યા વગર રહી શકે નહી, તેથી દરિયાના અફાટ પાણીથી હોડીએ ગભરાઈ જવાનું રહેતું નથી. છતાં એક ટીપું પાણી હોડીની અંદર પ્રવેશે ત્યારે ચિંતા કરવી કે સાથે તેની પર વિચાર પણ કરવો રહ્યો. પાણીનું ટીપું અંદર આવવું એનો અર્થ એ કે જ્યારે કોઈક માણસની ટીકા આપણી અંદર જ કોઈક શંકા કે અશ્રધ્ધાને વાચા આપતી હોય તો તેનો ખ્યાલ ગંભીરતાથી કરવો જોઈએ. કેમકે બહારની ટીકા તમારી અંદર જઈને અશ્રદ્ધા બની જાય ત્યારે તમારું બળ તૂટી જાય છે. આ ટીકા તમને જાગતા રાખીને વધુ તાકાત આપી તમારામાં લડવાનું બળ પુરું પાડે તો તે પરમ હિતકારી તથા ગુણકારી બની રહે છે.

નીલમબેન, જગતના લોકોના એ સ્વાભાવ છે કે તેઓ જીવતા માણસની ટીકા કરે છે કેમકે તેમના માટે પરિવર્તનને અવકાશ છે, તે પોતે બદલાઈ શકે છે, તે તેનો માર્ગ બદલી શકે છે જ્યારે મૃત માણસની માત્ર પ્રશંસા જ કરે છે કારણ કે તેમની ટીકા કરવાનો કોઈ અર્થ નથી. તેઓ તો જડ બની જ ગયેલા છે. તેમનામાંથી તો ચેતન બિલકૂલ હણાઈ ચૂક્યું છે.

નીલમબેન, તમે તો સમજુ છો. આજે નર્મદામાસીને તમારી વાત ખટકી હશે વળી તમારો મિજાજ બગાડવા, તમને હતાશ કરવા કે અકળાવવા કંઈક કહેવું જોઈએ જેથી તમે નિર્બળ બનો એ હેતુથી આવ્યા હશે.

નયનાબેન કહેવા લાગ્યા, “તમારે તો તમારી ખુશી કે, નાખુશીનું પલ્લું સમતોલ જ રાખવું જોઈએ. તમારી જિંદગીની મજા તમારી પોતાની ખુશીમાં છે, વળી ટીકા તો જીવનની રમતોનો એક ભાગ છે. કેટલાક ખેલદિલી પૂર્વક રમે છે જ્યારે કેટલાક રમત ન ગણતા ગંભીરતાપૂર્વક લે છે. તેઓ રમત દેખાવ પૂરતી જ રમે છે જેમાં નિયમોનું બિલકુલ પાલન ન કરવામાં આવ્યું હોય.” ટીકા કરવી બહુ સહેલી છે તેને પચાવવી અઘરું કામ છે. ટીકા કરવાના અનેક હેતુ તથા કારણો હોય છે જે જટિલ પણ હોઈ શકે. આપણે ટીકાને બે ભાગમાં વહેંચી શકીએ.

એક એવા ટીકાકારો જેઓ કશા ડંખ વિના અને દ્વેષરહિત ટીકા કરે છે તેમની ટીકામાં નિર્દોષતા તથા નિખાલસતા દેખાય છે.

બીજા એવા ટીકાકારો જેમનાથી તમારું કોઈ સદ્ભાગ્ય સાંખી શકાતું નથી. તમને સમયસર કોઈ વસ્તુ મળતી રહે તોપણ તેમની આંખમાં ઝેર ચમકતું દેખાય છે. તમારા પ્રત્યેક કદમમાં તે પોતાની પીછે હઠનાં દશ પગલાં જુએ છે. આવા ટીકાકારો સાચી માહિતી કે સાચી સમજણના અભાવે ટીકા કરતા નથી હોતા. તમે તેમને સંપૂર્ણ સાચી માહિતી અને પૂરે પૂરી સમજણ આપો તે પછી પણ તેઓ કહેશે, “મેં તમારી બધી વાત સાંભળી લીધી. પણ હું તમારા વિષેના મારા અભિપ્રાયમાં રજભર પણ ફેરફાર કરવા તૈયાર નથી.”

આવું બને ત્યારે શું કરવું? ત્યારે ટીકાકાર પ્રત્યે આપણું ધ્યાન જવા દેવાને બદલે આપણે આપણા પોતાની અંદર જ આપણા કાર્યનો એટલો સંતોષ માણવો કે જેથી ટીકાનું કડવું એકપણ ટીપું આપણા સ્વાદમાં થોડીક પણ ખારાશ કે તીખાશ પ્રવેશી ન શકે. મહત્વની વાત તો કંઈક સારું કરવાની છે, કે અન્ય લોકોના અભિપ્રાય મેળવવાની.

ઑસ્કર વાઈલ્ડે કહ્યું છે કેઃ મારા વિષે લોકો શું કહે છે? તેઓ જે કહેતા હોય તે કહેવા દો.

નીલમબેન, તમે નાખુશ છો, તમારું મન ઉદાસ થયું છે તે સમજી શકાય તેમ છે પણ હું તો તમે જે નાખુશ છો તેમાં પણ સંમત છું કારણ કે તમારી આ નાખુશી તમને બીજાઓની નાખુશી તથા ટીકા સામે ટક્કર ઝીલવામાં સક્ષમ બનાવશે.

નયનાબેનની વાત જાણે કે નીલમબેના ગળે ઉતરી ગઈ હોય તેમ તેમણે તેમની હતાશા તત્કાળ ખંખેરી નાંખી અને તેમનો આભાર માની એમના કાર્યમાં ફરીથી પરોવાઈ ગયા. તેમના ચહેરા પર છવાયેલી ખુશીથી નયનાબેન પણ ખુશ થયા અને ટીકા ભરેલી આ કેળવણીને નીલમબેને તેમનામાંથી જાકારો આપ્યો.



મિત્રો, તમે પણ ક્યારેય કોઈની ટીકાના ફંદામાં આવી હતાશ ન થતા તમારી જીવન નૌકાને શ્રદ્ધા અને વિશ્વાસની દ્રઢ સંકલ્પ સાથે આગળ વધવા દેજો. જીતી જશો.

**કુમુદલત્તા ભટ્ટ,ટ્રસ્ટી, ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ**

તમારા સપના સાચા થાય એ પહેલા તમારે સપના જોવા પડશે.
-અબ્દુલ કલામ

**સ્વતંત્રતા સંગ્રામમાં પ્રાણોની આહુતિ આપનારા શહિદોના પરિવારજનોને મહાનગર પાલિકામાં રહેમરાહે નોકરી આપવાનું ભગીરથ કાર્ય પણ તેમના હાથે શરૂ થયું હતું**

# સ્વતંત્રતા આંદોલનના મહાનાયક સુભાષચંદ્ર બોઝ

સ્વતંત્રતા આંદોલનના મહાનાયક નેતાજી સુભાષચંદ્ર બોઝે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન આઝાદ હિન્દફોઝની રચના કરી હતી. તેમણે 'જય હિન્દ' જેવું રાષ્ટ્રીય સુત્ર આપ્યું હતું. ગાંધીજીએ સુભાષ બાબુને 'દેશભક્તોના દેશભક્ત'નું બિરુદ આપ્યું હતું. કહેવાય છે કે, જો ભાગલા વખતે સુભાષચંદ્ર હોત તો ભારતને વિભાજનનો માર વેઠવો ન પડત આ વાતનો સ્વીકાર ખુદ ગાંધીજીએ પણ કર્યો હતો.

સુભાષ ચંદ્ર બોઝને લોકો નેતાજી તરીકે પણ ઓળખતા હતા. નેતાજીનો જન્મ ૨૩ જાન્યુઆરી ૧૮૯૭ના રોજ ઓરીસ્સાના કટક શહેરમાં થયો હતો. તેમની માતાનું નામ પ્રભાવતિ અને પિતાનું નામ જાનકીનાથ હતું. તેમના પિતા જાણીતા ધારાશાસ્ત્રી હતા અને તેમણે કટકની મહાનગર પાલિકામાં લાંબા સમય સુધી સેવા આપી હતી, ઉપરાંત તેઓ બંગાળ વિધાનસભાના સદસ્ય પણ રહ્યા હતા. અંગ્રેજ સરકાર તેમને રાયબહાદુરનો ખિતાબ આપ્યો હતો.



બાળપણમાં સુભાષચંદ્ર બોઝ કટકની રેવિન્શો કોલેજીયેટ હાઈસ્કુલમાં ભણતા હતા. તેમના શિક્ષક વેણીમાધવદાસે સુભાષમાં નાનપણથી જ દેશપ્રેમની ભાવના પ્રજ્વલીત કરી હતી. માત્ર પંદર વર્ષની કિશોર વયે તેઓ 'ગુરુ'ની શોધમાં હિમાલય ગયેલા પરંતુ તેમનો પ્રવાસ અસફળ રહ્યો હતો. જોકે સ્વામી વિવેકાનંદથી પ્રભાવીત થઈને સુભાષજી તેમના શિષ્ય બન્યા હતા.

સ્વતંત્રતા સેનાની દેશબંધુ ચિત્તરંજનદાસથી પ્રભાવિત થઈને પત્ર દ્વારા તેમની સાથે કામ કરવાની ઈચ્છા સુભાષબાબુએ વ્યક્ત કરી હતી. તે દિવસોમાં ગાંધીજીએ અંગ્રેજ સરકાર સામે અસહયોગનું આંદોલન છેડ્યું હતું જેમાં દિનબંધુએ કલકત્તાનું નેતૃત્વ કર્યું હતું અને સુભાષે આંદોલનમાં સક્રિય ભુમિકા ભજવી હતી.

૧૯૨૨માં દેશબંધુએ કોંગ્રેસની નિશ્રામાં સ્વરાજ્ય પાર્ટીની સ્થાપના કરી હતી. વિધાનસભામાં અંગ્રેજ સરકારનો વિરોધ કરવા કલકત્તા મહાનગર પાલિકાની ચુંટણીમાં સ્વરાજ્ય પાર્ટીમાં ઝંપલાવ્યું અને પાર્ટી ચુંટણી જીતી ગઈ ત્યારપછી દાસબાબુ કલકત્તાના મેયર બની ગયા. તેમણે સુભાષબાબુને મહાનગર પાલિકાના પ્રમુખ કાર્યકારી અધિકારી બનાવ્યા હતા.

સુભાષચંદ્ર બોઝે પોતાના કાર્યકાળ દરમિયાન કલકત્તાની મહાનગર પાલિકામાં પાયાના ફેરફારો કર્યા હતા અને શહેરના રાજમાર્ગોના વિલાયતી નામો બદલીને ભારતીય નામો આપવામાં આવ્યા હતા. સ્વતંત્રતા સંગ્રામમાં પ્રાણોની આહુતિ આપનારા શહિદોના પરિવારજનોને મહાનગર પાલિકામાં રહેમરાહે નોકરી આપવાનું ભગીરથ કાર્ય પણ તેમના હાથે શરૂ થયું હતું.

૧૯૩૯માં જ્યારે કોંગ્રેસના નવા પ્રમુખની પસંદગી કરવાનો સમય આવ્યો ત્યારે સુભાષચંદ્ર બોઝની ઈચ્છા હતી કે, નવો પ્રમુખ એવો હોવો જોઈએ જે કોઈ પણ દબાણને વશ ન થાય પરંતુ કોઈ વ્યક્તિ આગળ નહીં આવતાં અંતે તેમણે જ કોંગ્રેસની સુકાન સંભાળવાનો પ્રસ્તાવ મુક્યો, ત્યાર બાદ કવિ રવિન્દ્રનાથ ઠાકુરે ગાંધીજીને પત્ર લખીને સુભાષચંદ્ર બોઝને અધ્યક્ષ બનાવવાની વિનંતી કરી, પ્રફુલ્લચંદ્ર રાય અને મેઘનાદ સાહા જેવા વૈજ્ઞાનિકો પણ નેતાજીને ફરીથી અધ્યક્ષ બનાવવા માગતા હતા. અંતે કોંગ્રેસ અધ્યક્ષના પદ માટે ચૂંટણી યોજવામાં આવી હતી. અંતે કોંગ્રેસના અધ્યક્ષ પદની ચુંટણીમાં સુભાષચંદ્ર અને સિતારમૈયા વચ્ચે જંગ જામ્યો. કેટલાક માનતા હતા કે સિતારમૈયાના ટેકામાં મહાત્માગાંધી છે જેના લીધે તેમને ચૂંટણી જીતવામાં સરળતા રહેશે, પરંતુ સુભાષ ચંદ્ર બોઝને આ ચૂંટણીમાં ૧૮૮૦ મત અને સિતારમૈયાને ૧૩૭૭ મત મળ્યા આ સાથે સુભાષચંદ્ર બોઝ ૨૦૩ મતે કોંગ્રેસના અધ્યક્ષની ચૂંટણી જીતી ગયા.

૧૯૩૯માં ત્રિપુરામાં યોજાયેલા કોંગ્રેસના અધિવેશન દરમિયાન સુભાષચંદ્ર બોઝને બિમારીની ગર્તામાં ધકેલાઇ ગયા, પરંતુ તેઓ સ્ટ્રેચર પર સુઈને પણ અધિવેશનમાં હાજરી આપવાનું ચુકતા ન હતા. જોકે ગાંધીજી આ અધિવેશનમાં ઉપસ્થિત રહ્યા ન હતાં.

અંતે ૨૯મી એપ્રિલ ૧૯૩૯ના રોજ કોંગ્રેસના અધ્યક્ષપદેથી રાજીનામું આપી દીધું અને આઝાદ હિન્દફોઝના સેનાનાયક બનીને માતૃભૂમિની રક્ષા કાજે અંગ્રેજો સામે યુદ્ધના મંડાણ કર્યા.

બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના પરાજ્ય બાદ ૧૮મી ઓગષ્ટ ૧૯૪૫ના રોજ નેતાજી વિમાન મારફતે મંચુરીયા તરફ જતા હતા તે સમયે તેમનું વિમાન રહસ્યમય રીતે લાપતા થઈ ગયું. ત્યારપછી તેઓ ક્યારેય કોઈને જોવા મળ્યા નથી. ૨૩મી ઓગષ્ટ ૧૯૪૫ના દિવસે જાપનની 'દોમઈ' સંસ્થાએ વિશ્વમાં સમાચાર આપ્યા કે, ૧૮મી ઓગષ્ટના રોજ નેતાજીનું વિમાન તાઈવાન નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. એવું માનવામાં આવી રહ્યું છે કે, આ દુર્ઘટનામાં સુભાષબાબુએ પ્રાણ ગુમાવ્યા હતા.

સ્વતંત્રતા મળ્યા પછી ભારતે આ ઘટનાની તપાસ કરાવવા માટે ૧૯૫૬ તથા ૧૯૭૭માં બે વખત આયોગની નીયુક્તી કરી હતી. દુર્ઘટનામાં નેતાજીનું મોત થયું હોવાનો રિપોર્ટ બંને વખત થયેલી તપાસ બાદ જાહેર કરવામાં આવ્યો હતો. પરંતુ તાઈવાનની સરકાર સાથે બંને આયોગ દ્વારા કોઈ પણ પ્રકારની વાતચીત કરવામાં આવી ન હતી.

૧૯૯૯માં મનોજકુમાર મુખર્જીના નેતૃત્વમાં ત્રીજા આયોગની રચના કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૨૦૦૫માં તાઈવાન સરકારે મુખર્જી આયોગને જણાવ્યું હતું કે, ૧૯૪૫માં તાઈવાનની ભૂમિ પર કોઈ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું જ ન હતું. ૨૦૦૫માં મુખર્જી આયોગે ભારત સરકારને પોતાનો રિપોર્ટ સુપરત કર્યો, જેમાં તેમણે દર્શાવ્યું હતું કે નેતાજીની મૃત્યુ વિમાન દુર્ઘટનામાં થયું હોવાના કોઈ પુરાવા નથી. ભારત સરકારે મુખર્જી આયોગની આ રિપોર્ટનો અસ્વીકાર કરી દીધો . ૧૮મી ઓગષ્ટ, ૧૯૪૫ના દિવસે નેતાજી ક્યાં ગુમ થઈ ગયા અને ત્યાર પછી શું બન્યું, તે ભારતના ઈતિહાસમાં અનુત્તર રહેલો સૌથી અઘરો પ્રશ્ન બની ગયો છે.

# હું જે કામ કરું છું તેનો મને ખૂબ જ સંતોષ છે: બિન્દુબેન બી. રાઠોડ

છેલ્લા ૨૨ વર્ષોથી હું બાળ શિક્ષણનું કામ કરું છું. ૨૨ વર્ષો દરમ્યાન ઘણી શૈક્ષણિક શિબિરો, વ્યાખ્યાનો અને પ્રવચનો સાંભળ્યા, પુસ્તકો પણ વાંચ્યા. જે કંઇ વાંચ્યું અને સાંભળ્યું તે દરેક બાબતને સમજીને વ્યવહાર અને વર્તનમાં ઉતાર્યું. અને જેમ - જેમ અનુભવોનું ભાથું બંધાતું ગયું તેમ - તેમ મનમાં મનોમંથન ચાલતું ગયું. દરેક ક્ષણે બાળકો સાથેનો વ્યવહાર કેમ સરળ બને તેવા પ્રયત્નો કર્યા, અને ઘણીવાર તો બાળકોમાંથી પણ શીખવા મળ્યું.

વર્ષોના મારા અનુભવો પછી મને એવું લાગે છે કે બાળકોને હૃદયની કેળવણી આપવી ખૂબ જ જરૂરી છે. કારણ કે જ્યાં સુધી હૃદયની કેળવણી નહિ મળે ત્યાં સુધી માણસ- માણસ બની શકશે નહિ. હૃદયની કેળવણીથી માણસ બીજા માણસની ભાવના, લાગણી, સુખ - દુ:ખ, ગમા – અણગમા સાથે સાંવેગિક રીતે જોડાયેલો હશે. તેથી તે બીજાનું અહિત ક્યારેય નહી કરે. જેના પગલે આખી દુનિયામાંથી ઈર્ષ્યા, ક્રોધ, કપટ, ભ્રષ્ટાચાર, આંતકવાદ અને માણસ – માણસનું પતન કરતો બંધ થઇ જશે. દેશ દુનિયામાં શાંતિ અને આનંદનું વાતાવરણ છવાઇ જશે. પરંતુ આ ત્યારે જ શક્ય છે કે નાનપણથી જ હૃદયની કેળવણી દ્વારા બાળકનો સાંવેગિક વિકાસ કરવામાં આવે. કારણ કે એક નાના બીજમાં જ વટવૃક્ષ બનવાની શક્તિ સમાયેલી છે તેમ બાળકનાં નાનકડાં દેહમાં જ વિશ્વ શાંતિનો સંદેશ સમાયેલો છે.

### એવોર્ડનો આનંદ

મારી જિંદગીનો પહેલો અને યાદગાર એવોર્ડ. મને ખૂબ જ આનંદ થયો. આનંદની સાથે મારામાં એક નવી શક્તિનો સંચાર થયો છે. મને એવોર્ડ મળ્યા પછી મેં મારી જાતનું પરિક્ષણ કર્યું. ત્યારે મને લાગ્યું કે ના, ખરેખર મને મળેલો એવોર્ડ યોગ્ય છે. હું બાળકો સાથે સદાયે હૃદયથી જોડાવાનો પ્રયત્ન કરું છું. જ્યારે હું બાલમંદિર જાઉં છું ત્યારે હું મારા કામો, દુ:ખો બધુ જ ભૂલી જાઉ છું. મારા ક્ષેત્રમાં હું જે કામ કરું છું તેનો મને ખૂબ જ સંતોષ છે. મને એવું લાગે છે કે આ દુનિયામાં જે લોકો નિષ્ઠાપૂર્વક પોતાનું કામ પોતાના ક્ષેત્રમાં કરે છે, એ દરેકનું સન્માન થવું જોઈએ. અને હા, જ્યુરી પણ એવા હોવા જોઇએ કે જે શિક્ષકના દરેક પાસાઓનું સૂક્ષ્મ રીતે અવલોકન કરે જે તેમણે મારું કર્યું છે.

આ એવોર્ડ માટે હું એ દરેકની ઋણી રહીશ જેમણે મને અહિંયા સુધી પહોંચવામાં મદદ કરી છે.

"બધાનો ખૂબ - ખૂબ આભાર."

**-શ્રી બિન્દુબેન બી. રાઠોડ**
શ્રી દક્ષિણામૂર્તિ બાલ મંદિર, ભાવનગર



**શું તમારે પણ ધી ઓપન પેજમાં લખવું છે? લેખક બનવું છે?**

ધી ઓપન પેજ સામયિકમાં સ્કુલના પ્રિન્સિપાલ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમનું મૌલિક લખાણ મોકલી શકે છે. ધી ઓપન પેજ, આપને લખવા માટે જગ્યા આપશે અને આપના વિચારો લાખ્ખો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશે.આપ શિક્ષણ જગત કે વિદ્યાર્થીઓને લગતા કોઇ પણ વિષય ઉપર મૌલિક લખાણ મોકલી શકો છો, જો કે ધ્યાન એ વાતનું રાખવાનું કે આપ જે કાંઇ મૌલિક લેખ કે સમાચાર મોકલો તેમાં કોઇ વિવાદીત લખાણ ના હોવું જોઇએ.




શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર વિદ્યાર્થીઓ મોકલી શકે છે.

આપની સ્કુલમાં અભ્યાસ ઉપરાંત થતા જુદા જુદા કાર્યક્રમોના ફોટા સાથેના સમાચાર ધી ઓપન પેજને કોમ્પ્યુટરમાં વર્ડ ફાઇલમાં ગુજરાતીમાં, ભાષા ભારતી ગોપીકા ટુ ફોન્ટમાં મોકલી શકો છો.ધી ઓપન પેજમાં જગ્યા હશે તે પ્રમાણે આપની સ્કુલના સમાચારને યોગ્ય રીતે સ્થાન આપવાનો પ્રયાસ કરવામાં આવશે. ધી ઓપન પેજમાં આપની સ્કુલના સમાચાર કે મૌલિક લેખ ઈ-મેઈલ આઈ ડી theopenpage@tripada.com ઉપર મોકલી શકો છો.આ ઉપરાંત આપ ધી ઓપન પેજનો નીચેના સરનામે સંપર્ક કે પત્રવ્યવહાર કરી શકો છો.

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, કુમકુમ પાર્ટીપ્લોટ સામે, અખબારનગર સર્કલ પાસે, નવાવાડજ, અમદાવાદ – ૩૮૦૦૧૩. ફોન નંબર – ૦૭૯ – ૨૭૬૨૧૩૮૫-૮૬.

**શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર કોઈ પણ શાળા ધી ઓપન પેજને મોકલી શકે છે**

કોઇ પણ વૃક્ષ ને કાપવાં માટે મને છ કલાક આપો અને હું પહેલા ચાર કલાક કુહાડીને ધારદાર કરવામાં પસાર કરીશ. **-અબ્રાહમ લિંકન**

# શિક્ષકની ભૂમિકા મિત્ર, માર્ગદર્શક અને તત્વચિંતક કક્ષાની હોવી જોઈએ

## શિક્ષણમાં તાલીમનું મહત્વ

મિત્રો, જીવનના દરેક ક્ષેત્રમાં તાલીમ(ઘડતર)ની ભરપૂર આવશ્યકતા છે અને એમાંય શિક્ષણમાં તાલીમની અનિવાર્યતા છે. પરંતુ કમનસીબે શિક્ષણમાં આયોજિત તાલીમનો સંદતર અભાવ (શૂન્યાવકાશ) જોવા મળી રહ્યો છે. હા.... અપવાદ બધે જ હોય છે.

વિદ્યાર્થીઓમાં ધીરજ, એકાગ્રતા ઘટી રહી છે તો સાથે સાથે ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ (દૂરૂપયોગ) થઇ રહ્યો છે. શિસ્ત, સહકાર, સંપ જેવા મૂલ્યો નાશ થતા જોવા મળી રહ્યા છે. આવા અનેક વિધાનો આપણને આપણી આસપાસ રહેતા શિક્ષણશાસ્ત્રીઓ (???) પાસેથી સાંભળવા મળી રહ્યા છે. શું આ તેમનું નિદાન સાચું છે? અથવા આવા નિદાન વિશ્વસનીય છે? આવી ચર્ચાઓ નિરર્થક છે. પણ આ નિદાન કરનારાઓને એક સાવ સરળ સવાલ થાય કે તમે ઉપચારાત્મક કાર્ય શું કર્યું? જીવાબ તમને પણ ખબર છે... કારણકે આપણી પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીમાં દરેક વ્યક્તિ (જેને શિક્ષણ સાથે કાંઈજ લેવા દેવા ન હોય) મનઘંડત રીતે નિદાન તો આવશ્ય કરે છે!!

**શિક્ષણની સમગ્ર પ્રક્રિયાના મૂળભૂત પાંચ આધારસ્તંભો છે**

(૧) નિર્ણાયક નેતૃત્વ
(૨) તાલીમબધ્ધ શિક્ષકો
(૩) પ્રતિબધ્ધ વિદ્યાર્થીઓ
(૪) સમજદાર વાલીશ્રીઓ
(૫) પરિવર્તનશીલ સમાજ

### (૧) નિર્ણાયક નેતૃત્વ :

શિક્ષણની પ્રક્રિયાએ જીવંત વ્યક્તિઓ સાથે કાર્ય કરવાની પ્રક્રિયા છે. આ ક્ષેત્રમાં વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા વ્યક્તિઓ માત્ર પોતાની મૂડીનું સલામત અને વધુ વળતર આપતા એકમમાં રોકાણ કરવાના હેતુથી જોડાયેલા હોય ત્યારે આ ક્ષેત્ર તેમના માટે માત્ર નફો રળવાનું માધ્યમ બની રહે છે અને પરિણામે સમાજને કદાચ ફાઈવસ્ટાર સુવિધાવાળી શૈક્ષણિક સંસ્થા મળે છે પરંતુ ફાઈવસ્ટાર શિક્ષણનો સદંતર અભાવ વર્તાય છે પરંતુ જો આવા એકમો પાસે, અનુભવી દર્ઘદ્રષ્ટા, એકાદ કેળવણીકારનું નેતૃત્વ મળી જાય તો તેમની આગેવાનીમાં આવા સંકુલો ખરા અર્થમાં શિક્ષણથી ધબકતા જોવા મળે છે બાકી તો.... !! આવું સરળ નિર્ણાયક નેતૃત્વ વર્ષોના અનુભવી શિક્ષક, પ્રાધ્યાપક કે આચાર્ય જ પૂરૂં પાડી શકે કારણ કે વર્ગખંડની વાસ્તવિકતાનો એમનાથી વધુ ખ્યાલ કોને હોય? સદ નસીબે ઘણા શૈક્ષણિક સંકુલ આવા નિર્ણાયક નેતૃત્વથી ધબકી રહ્યા છે પરંતુ બધા જ નહી જે નરી વાસ્તવિકતા છે.

### (૨) તાલીમબધ્ધ શિક્ષકો :

સામાન્ય રીતે શિક્ષકની લાયકાતમાં મોન્ટેસરી, પી.ટી.સી કે બી.એડ્. મૂળભૂત ગણાય અને આનાથી ઉચ્ચ અભ્યાસ ઈચ્છનીય ગણાય પરંતુ શું આ તાલીમી અભ્યાસક્રમોમાં ખરા અર્થમાં તાલીમ અપાય છે ખરી? આ યક્ષ પ્રશ્નનો ઉતર બધાં જ જાણે છે ખેર... શિક્ષણના મૂળભૂત ધ્યેયો જેવા કે જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્ય આધારિત શિક્ષણ આપવા માટે શિક્ષકોને સતત સેવા કાલીન તાલીમ આપવી જરૂરી છે પણ ખાટલે મોટી ખોટ અનુસાર તાલીમ આપનારની પસંદગી યોગ્ય થતી નથી ખરેખર તો ટ્રેનરની લાયકાત અને અનુભવ ચકાસ્યા બાદ જ તાલીમ જેવી સંવેદનશીલ કામગીરી સોંપવી જોઈએ. ઘણી સંસ્થાઓ પ્રોફેશનલ ટ્રેનર્સ, કોર્પોરેટ ટ્રેનર્સ કે મેમરી ગુરૂઓ અથવા ખ્યાતનામ લેખકોને આવી કામગીરીમા સામેલ કરે છે. પણ તે લાંબેગાળે આત્મઘાતી જ નીવડે છે. કારણકે આવા કહેવાતા ટ્રેનર્સ (મોટેભાગે સ્માર્ટ વક્તાઓ) વર્ગખંડના પ્રશ્નો કે શિક્ષણથી વાકેફ હોતા જ નથી માત્ર કાગળ પર આયોજનો કે સક્સેસ મેપ રજૂ કરવાથી સારા શિક્ષકો તૈયાર ન કરી શકાય ખરેખર તો અહીં એટલું જ કહી શકાય કે પ્રથમ Train The Trainers.....!!!

### (૩) પ્રતિબધ્ધ વિદ્યાર્થીઓ:

આજના વિદ્યાર્થીમાં પરિણામલક્ષી શિક્ષણની લ્હાયમાં ગુણવતા સાવ ભૂલાઇ રહી છે ત્યારે શિખનાર (વિદ્યાર્થી)ની શિખવા માટેની પ્રતિબધ્ધતા એ શિક્ષણનું અનિવાર્ય અંગ છે. જો વિદ્યાર્થીઓના રસ, રૂચિ અને વલણ અનુસાર જો શિક્ષણ આપવામાં આવે તો પ્રતિબધ્ધતા વધારી શકાય આ ઉપરાંત સમયાંતરે ધ્યેય નિર્ધારણ (GOAL SETTING), હકારાત્મક અભિગમ (POSITIVE ATTITUDE), સમય વ્યવસ્થાપન (TIME MANAGEMENT) વગેરે પર તાલીમ યોજી વધુ પ્રતિબધ્ધ વિદ્યાર્થીઓ તૈયાર કરી શકાય અને આ માટે શિક્ષકની ભૂમિકા મિત્ર, માર્ગદર્શક અને તત્વચિંતક કક્ષાની હોવી જોઈએ જે અપેક્ષિત છે.



### (૪) સમજદાર વાલીશ્રીઓ:

આજના વાલીઓને પોતાના બાળકના ઉતમ પરિણામની જ ફિકર છે. પરંતુ તેમના પાયાના શિક્ષણની ખાસ દરકાર નથી!! પોતાના બાળક પર સતત દબાણ સર્જે રાખવું તથા તેમની ક્ષમતા કરતા અનેકગણી અપેક્ષાઓ રાખવી.... અંતે આ બધુ જ દુ:ખનું સર્જન કરે છે. ઘણાં વાલીશ્રીઓ પોતાની અતૃપ્ત ઈચ્છાઓની પૂર્તિ અર્થે બાળક પર માનસિક ત્રાસ (લાગણીઓ દ્વારા) ગુજરે છે ખેર આવા વાલીઓ સમજદાર બને, વાસ્તવિકતા સ્વીકારતા શીખે અને બાળકને તેમની ક્ષમતાનુસાર કાર્ય કરવાનો અવકાશ આપે જે ખરેખર આજના યુગની તાતી જરૂરિયાત છે અને વાલીશ્રીઓને એક ખાસ વિનંતી કે "Don't compare your child to anyone, If you do... You are Really Insulting them...!!!"

શાળા કક્ષાએ વાલી સંમેલન યોજી શાળાની યશગાથાઓ વર્ણવવાને બદલે વાલીશ્રીઓનું યોગ્ય નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન યોજી સમજદાર વાલીશ્રીઓનું નિર્માણ થાય તેવી વ્યવસ્થાની અનિવાર્યતા આવી ગઇ છે.

### (૫) પરિવર્તનશીલ સમાજ:

ખરેખર તો સમાજ આગળ વર્ણવેલા ચારેય ઘટકોનો જ બનેલો છે. જો ખરા અર્થમાં શિક્ષણની ચિંતા કરવી હોય તો હવે ચિંતનનો નહીં પરંતુ અમલીકરણનો સમય પાકી ગયો છે...... આ દુનિયામાં એક જ બાબત સ્થાયી છે અને તે છે પરિવર્તન.... આમ સામાજિક પરિવર્તન એ ખૂબ જ આવશ્યક બની ગયું છે.

### ઉપસંહાર:

શિક્ષણની પ્રક્રિયાને જો વાસ્તવિક અને જીવંત બનાવવી હોય તો શાળાકક્ષાએ સંચાલકો, આચાર્યશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ માટે સુયોજિત તાલીમ વ્યવસ્થા ગોઠવવી જ પડશે અને તાલીમ આપનારની પસંદગી યોગ્ય કરવી જરૂરી છે. અંતે....

Change is challenge until you challenge the change.... So be change rather than being changed.... And make it fast before if becomes challenge....!!

જય જગત............ જગ માનવ



**ડો. અતુલ વ્યાસ**
**શ્રી મુરલીધર હાઇસ્કૂલ, રાજકોટ.**
drakvyas@gmail.com

# સમસ્યાઓ સામે લડવાનો સાચો રસ્તો



વેદ વ્યાસજીએ મહાભારતમાં બહુ સરસ પ્રસંગનું વર્ણન કરેલ છે. એકવાર કૃષ્ણ, બલરામ અને સાત્યકિ (સાત્યકિ દ્વારકાનો મોટો યોદ્ધા હતો.) જંગલમાં ફરવા માટે ગયા. સાંજ પડવા આવી અને રસ્તો ભૂલી ગયા. કૃષ્ણએ કહ્યું, "આપણે જંગલમાં જ રાતવાસો કરીએ અને સવારે સૂર્યોદય થાય ત્યારે રસ્તો શોધીશું. રાત્રે આપણી સલામતી માટે આપણે એવું નક્કી કરીએ કે રાતના ત્રણ સરખા ભાગ કરીએ ત્રણે વ્યક્તિનો જાગવાનો વારો કાઢીએ. એક જાગે અને બાકીના બે સૂતેલાની રક્ષા કરે."

પ્રથમ સાત્યકિનો જાગવાનો વારો હતો. એ સમયે બ્રહ્મરાક્ષસ આવ્યો. સાત્યકિએ એની સાથે લડાઇ શરૂ કરી. સાત્યકિ બ્રહ્મરાક્ષસને બરોબરની ફાઇટ આપતો હતો. આ લડાઈમાં જ્યારે સાત્યકિને વાગે એટલે એ દર્દની ચીસ પાડે. એનું પરિણામ એ આવે કે સાત્યકિની ચીસથી બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય અને કદ મોટું થવાથી આવનારા મુક્કાની તાકત વધી જાય. સાત્યકિનો જાગવાનો સમય પૂરો થયો એટલે એમણે તુંરત જ બલરામને જગાડ્યા. હવે બલરામે આ રાક્ષસ સામેની લડાઇ ચાલુ કરી પરંતુ સાત્યકિએ કર્યું એવું જ બલરામે કર્યું. બલરામને પણ વાગે એટલે દર્દની ચીસ પાડે અને પેલા બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય. એમનો સમય પૂરો થયો એટલે એમણે કૃષ્ણને જગ્યાડ્યા.

કૃષ્ણએ બ્રહ્મરાક્ષસ સાથેની આ લડાઈમાં નવી વ્યૂહરચના અપનાવી. પોતાને જ્યારે તક મળે ત્યારે પેલા રાક્ષસને બરાબરનો મારી લે અને રાક્ષસ મારે તો સામે જોઈને ખડખડાટ હસે. એનું પરિણામ એ આવ્યું કે પેલા બ્રહ્મરાક્ષસનું કદ નાનું થવા લાગ્યું અને થાડા સમયની લડાઈમાં એનું કદ નાની પૂતળી જેવું થઇ ગયું. પછી કૃષ્ણએ બહુ જ આસાનીથી પેલા પૂતળી જેવા બ્રહ્મરાક્ષસની ગરદન મરડીને મારી નાખ્યો.

મહાભારતના આ પ્રસંગ દ્વારા વ્યાસજી જીવનનો બહુ જ મોટો સંદેશો આપી જાય છે. આપણા બધાના જીવનમાં પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓરૂપી બ્રહ્મરાક્ષસ આવે છે. આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે આપણે જેટલા રડ્યા રાખીએ એટલું જ એનું કદ વધતું જાય અને એક સમય એવો આવે કે એ આપણને મારી નાખે- ખલાસ કરી દે. પરંતુ જો આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે હસતા રહીએ તો એક સમય એવો આવે કે એનું કદ નાની પૂતળી જેવું થઇ જાય અને આપણે એને મારી શકીએ.



**શૈલેષ સગપરીઆ**
**ડાયરેક્ટર સ્પીપા, રાજકોટ**

અજ્ઞાની હોવું એટલી શરમની વાત નથી, જેટલી કે શીખવાની ઇચ્છા ન રાખવી. **-બેજામિન ફ્રેકલિન**

# વિદ્યાર્થી મિત્રો, બોર્ડની પરીક્ષા પર વિજય મેળવવા માટેના ખાસ મુદ્દાઓ

**ટીપ-૧:** સંપૂર્ણ અભ્યાસક્રમને જોઈ લો. અને તેને સરળ, મધ્યમ અને અઘરા વિષય વસ્તુ પ્રમાણે વહેંચી લો. ત્યાર બાદ રિવિઝન માટેનો પ્લાન બનાવો.

**ટીપ-૨:** રિવિઝન માટે સર્વ પ્રથમ સરળ વિષય વસ્તુ ત્યાર બાદ મધ્યમ વિષય વસ્તુ અને છેલ્લે અઘરી વિષય વસ્તુ પર ધ્યાન આપવું. આમ કરવાથી અભ્યાસક્રમને સરળતાથી રિવાઇઝ કરી શકાશે અને આત્મવિશ્વાસમાં વધારો થશે.

**ટીપ-૩:** અભ્યાસક્રમમાં સમાયેલી સાહિતીક-શાબ્દીક વિષયવસ્તુ દા.ત. સમાજ વિજ્ઞાન અને ભાષાકીય વસ્તુઓને યાદ રાખવા માટે Mnemonic Code નો પ્રયોગ કરવો.

**દા.ત:** જાનીવાલીપીનાલા: મેઘધનુષના સાત રંગોને યાદ રાખવા માટે ઉપરોક્ત સૂત્ર લાભદાયી થાય છે. મેઘધનુષના સાત રંગોમાં જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી, લાલનો સમાવેશ થાય છે. તેને ક્રમશ: યાદ રાખવા માટે ઉપરોક્ત સૂત્ર અસરકારક છે. આમ પાઠ્યપુસ્તકની વિષય વસ્તુને કોઈ સૂત્ર સાથે જોડીને તેને સરળતાથી યાદ રાખી શકાય છે.

**ટીપ-૪:** પાછલા વર્ષના પ્રશ્નપત્રોને સંદર્ભમાં લઇ તેમાં પૂછાયેલા પ્રશ્નોને પાઠ્યપુસ્તકનાં જે પાઠના પ્રશ્નો પ્રશ્નપત્રમાં હોય તો તેની સામે જે તે પાઠનો ક્રમ લખવો. ત્યાર બાદ પાઠ્યપુસ્તકની અંદર જે તે પ્રશ્ન સામે જે તે સાલમાં તે પૂછાયેલ છે તે લખવું. આવું કરવાથી દરેક પાઠમાંથી કેવા પ્રશ્નો પૂછી શકાશે તેની યાદી બનાવી શકાય. જે તૈયારીમાં ખૂબ ઉપયોગી રહેશે.

**ટીપ-૫:** પાછલા ત્રણ વર્ષના પ્રશ્નોપત્રોને સંદર્ભમાં લઇ તેમાં ક્યા પાઠને પ્રાધાન્ય આપેલું છે. તેની યાદ બનાવવી જોઈએ. ત્યાર બાદ દરેક વિષયમાં પાઠને વધુ પૂછાયેલાની ઓછા પૂછાયેલાની સરખામણીમાં વહેંચી અને કોષ્ટક તૈયાર કરવું જોઈએ. ત્યાર બાદ કોષ્ટકમાં રહેલા પ્રથમ પાઠ કે જે વધુ વખત પૂછાયેલ છે. ત્યાંથી પરીક્ષાની તૈયારી ચાલુ કરવી જોઈએ.



**ટીપ-૬:** બહુ વિકલ્પોની પ્રશ્નોની તૈયારી કરવા માટે માત્ર MCQ પર ધ્યાન કેન્દ્રિત કરવા કરતા ૩-૪ માર્કમાં જે પ્રશ્નો પૂછાતા હોય તેની તૈયારી કરવી. કારણ કે આવા એક પ્રશ્નમાં એકથી વધુ MCQ નો સમવાશે થતો હોય છે.

**ટીપ-૭:** Objective પ્રશ્નોની તૈયારી માટે બે ત્રણ વ્યક્તિના સમૂહમાં તૈયારી કરવી. તેમાં વ્યક્તિદીઠ વારા ફરતી વારા એક બીજાને પ્રશ્નો પૂછો અને જો ખોટો જવાબ મળે તો તેને તાત્કાલિક સાચા જવાબ સામે સરખાવો જોઈએ.

**ટીપ-૮:** Objective પ્રશ્નો અને ટૂંકા પ્રશ્નો માટે સમૂહ પદ્ધતિ અસરકારક રહેશે. પરંતુ લાંબો પ્રશ્નો અને વધુ માર્કવાળા પ્રશ્નો માટે વ્યક્તિગત તૈયારી કરવી અને તેને યાદ રાખવા માટે વ્યક્તિગત રીતે સૂત્રો બનાવી એને તૈયારી કરવી.

**ટીપ-૯:** નવી વિષયવાળી વસ્તુની તૈયારી કરવા માટે મિત્રો કે સમૂહમાં તેને ચર્ચામાં લેવી. પરંતુ તેમાં સમય અંગેની સમાનતા રાખી જરૂરી છે અને તે ન વેડફાય તેની કાળજી રાખવી જોઈએ. દા.ત. ૫ મિનિટ પછી આપણે આ વિષયવસ્તુ ઉપર ચર્ચા કરીશું. તો માત્ર ૫ મિનિટમાં તેને વાંચી તેને સમજવાનો પ્રયાસ કરવો.

**ટીપ-૧૦:** ચોક્કસ સમય જેમ કે ૧-૨ કલાક પૂર્ણ થયે આ સમય દરમિયાન કયા વિષયવાળી વસ્તુ પાકા કર્યા તેને તમારી વાલી તથા વડીલોને જાણ કરવી. આવું કરવાથી તેઓ અસ્વસ્થ રહેશે કે તમે યોગ્ય દિશામાં કાર્ય કરી રહ્યા છો અને તમોને પણ આત્મવિશ્વાસમાં વધારો થશે કારણ કે તે સમયમર્યાદામાં તમે કોઈ ચોક્કસ વિષયવસ્તુને પૂર્ણ કરી હશે.

**ટીપ-૧૧:** પરીક્ષાની આયોજનબદ્ધ તૈયારીમાં ટૂંકો બ્રેક લેવો અત્યંત જરૂરી છે. પરંતુ આ બ્રેક ૫ કે ૧૦ મિનિટથી વધુ ન હોવો જોઈએ અને તે દરમિયાન ટીવી. રેડિયો જેવા મનોરંજનના સાધનોનો ઉપયોગ ન કરવો પણ ઘરની અંદર કે નજીકમાં થોડુંક ચાલવા જવું.

**ટીપ-૧૨:** પરીક્ષા સમયને છેલ્લા ૧૫ દિવસની રાહ હોય ત્યારે જરૂર વગર ઘરની બહાર જવું નહી અને અન્ય પ્રલોભનોથી દૂર રહી સામાન્ય રીતે પરીક્ષાની તૈયારીમાં નિયમિત કાર્ય કરવું. તેમજ ભોજન અને આરામ જરૂર પ્રમાણે નિયમિત રાખવો.

**ટીપ-૧૩:** અભ્યાસને તણાવયુક્ત નહી પરંતુ તણાવમુક્ત બનાવો. આયોજન મુજબ તૈયારી કરો. રાત્રે મોડે સુધી જાગી ઉંઘને અનિયમિત ન બનાવો. પરંતુ આત્મવિશ્વાસથી આયોજનને વળગી રહો.

**ટીપ-૧૪:** અગત્યના મુદ્દાઓ કે ફોર્મ્યુલાને અન્ડરલાઇન કરવી. પાઠની અંદર ઉપરોક્ત અગત્યનું સાહિત્યને જે તે પાઠના પેઇઝ ઉપર કે માર્જિનમાં તેમનો ઉલ્લેખ કરવો. આવું કરવાથી જે તે પાઠમાંથી શું અગત્યનું છે? તેમજ કેટલી માત્રામાં તેમાંથી અગત્યની વિષયવસ્તુ આવેલી છે. તેની નોંધ રહેશે. જેનાથી તૈયારીમાં સરળતા રહેશે.

**ટીપ-૧૫:** પરીક્ષા માટે જરૂરી સ્ટેશનરી જેમ કે બોલપેન (બ્લે અને અન્ય કલર) પેન્સિલ, રબર, શાપનર, ફુટપટ્ટી, પ્રોજેક્ટર, પરીકર, સ્ટેપલર વગેરેને હર હંમેશ તૈયાર રાખવા. પરીક્ષા દરમિયાન નવી બોલપેનનો પ્રયોગ કરવા કરતાં થોડી જૂની અને વપરાયેલી બોલપેન કે જેને વાપરવાની ઘડ પડી ગઇ હોય તેનો ઉપયોગ કરવો.

**ટીપ-૧૬:** પરીક્ષા દરમિયાન દરેક નવા પરીક્ષા કેન્દ્ર પર અડધો કલાક પહેલાં ત્યાં પહોંચી જવું. જો કોઈ પરીક્ષા કેન્દ્ર રીપિટ થાય તો ૨૦ મિનિટ પહેલાં પહોંચશો તો ચાલશે.

**ટીપ-૧૭:** પરીક્ષા કેન્દ્ર પર જે સૂચનો આપવામાં આવે તેને ધ્યાનથી સાંભળી અને અનુસરતું. ત્યાં જરૂર વગરના પ્રશ્નો કે દલીલબાજી કરવી નહીં અને પરીક્ષાકેન્દ્ર પર ફરજ બજાવતા દરેક શિક્ષક કે વ્યક્તિનું આદર જાળવવું.

**ટીપ-૧૮:** પરીક્ષા દરમિયાન Original Exam. Receipt સાથે તેની એક નકલ અવશ્ય સાથે રાખવી અને માંગવામાં આવે ત્યારે તેને રજૂ કરવી.

**ટીપ-૧૯:** પરીક્ષા કેન્દ્રમાં જે તે વર્ગમાં તમારી બેઠક ગ્રહણ કરતા પહેલા તમારો બેઠક ક્રમાંકનો ઉલ્લેખ તે જગ્યાએ કરેલો છે કે કેમ તેની ચકાસણી કરવી. ત્યારબાદ જ તમારી બેઠક ગ્રહણ કરવી. તેમજ તે બેઠક પર જો સીટ નંબર સિવાય અન્ય સાહિત્ય લખેલું હોય તો તેનીમાગ વર્ગનિરિક્ષકને અચુક પણે કરવી.

**ટીપ-૨૦:** OMR તેમજ Answer Sheet માં યોગ્ય જગ્યાએ સીટ નંબર, સેન્ટર કોડ જેવી અગત્યની માહિતી સુવાચ્ય અક્ષરમાં નિયત કરેલી જગ્યાની અંદર જ ભરવી અને તેમાં કોઈ ભૂલ ન રહી જાય તેની ખાસ કાળજી રાખવી.

**ટીપ-૨૧:** પ્રશ્નપત્ર પર કોઈપણ પ્રકારનું લખાણ લખશો નહી. જો સૂચના હોય તો તમારો બેઠક ક્રમાંક લખવો. તે સિવાય અન્ય કંઈ જ લખવું નહીં.

**ટીપ-૨૨:** પરીક્ષાર્થીને લગતી અગત્યની વિગત મુખ્ય જવાબવહી તેમજ પુરક પુરવણીમાં જરૂરથી લખવી. અને શક્ય હોય તો જવાબવહી કે પુરણીનો કોડ Exam. Receiptની નકલમાં વિષયવાર લખવી. તેથી તમારી પાસે જે તે વિષયમાં કઈ જવાબવહીમાં તમે ઉત્તર લખેલા છે તેની વિગત રહેશે. જે ઉપયોગી બની રહે.

**ટીપ- ૨૩:** OMR sheetમાં કાળા રંગની બોલપેનથી જ માર્ક કરવા. તેમાં માર્કનું ખાનું પૂર્ણ કરેલું હોવું જોઈએ. જરૂર વગર કોઈ જ નિશાની OMR ઉપર કરવી નહીં.

**ટીપ-૨૪:** પરીક્ષામાં જવાબ લખતી વખતે પ્રશ્નપત્રમાં પૂછાયેલા પ્રશ્નોનો અનુક્રમ જાળવવો ખૂબ જરૂરી છે. પ્રશ્નોને કયારેય ક્રમ વગર લખવા નહીં. જો કોઈ પ્રશ્ન ન આવડતો હોય તો તેના માટે યોગ્ય જગ્યા ખાલી રાખી અને પછી પ્રશ્નમાં ક્રમબદ્ધ આગળ વધવું.

**ટીપ-૨૫:** મુખ્ય મુદ્દાઓને કે ચાવીરૂપ શબ્દોને કાળા અથવા લીલા રંગના પેનથી અન્ડરલાઇન કરી હાઇલાઇટ કરવા. ખીચોખીચ અથવા ખૂબ જ લખાણ લખશો નહીં. મુદ્દાવાઇઝ લખો.

**ટીપ-૨૬:** જરૂર જણાય ત્યાં આકૃતિ દોરવી અને પેન્સિલ કે ગ્રીન બોલપેન વડે તેને ફરતે બોક્સ દોરવું. આકૃતિ માટે ઘાટી પેન્સિલનો ઉપયોગ કરવો.

**ટીપ-૨૭:** જવાબ લખતી વખતે સમયની સભાનતા રાખવી. પ્રશ્નનાં ગુ(માર્ક) સામે તેટલી માત્રામાં જ સાહિત્ય ભવું. Option સાથે સંપૂર્ણ પ્રશ્નપત્ર પૂર્ણ કરી શકાય તેવો પ્રશ્ન છોડી ન દેવો.

**ટીપ-૨૮:** પ્રશ્નના જવાબમાં તેના ગુણ આધારિત જરૂરી સાહિત્યથી જવાબ લખવો. બિનજરૂરી સાહિત્ય કે શબ્દનો પ્રયોગ ટાળવો. દા.ત. ૨ ગુણમાં પૂછાયેલ પ્રશ્નને આખી સપલી ભરાય તેટલો જવાબ જરૂરી હોતો નથી.

**ટીપ-૨૯:** જવાબવહીમાં ધાર્મિક વાક્યો કે અંગત ધાર્મિક લાગણી વ્યક્ત કરતા વાક્યો લખવા નહીં. તેમજ મને પાસ કરી આપશો આવું કદીય લખવું નહીં. દા.ત. ઓમ.



**ટીપ-૩૦:** જવાબવહી સોંપતા પહેલાં તેમાં વર્ગ નિરિક્ષકની સહી અચુકથી હોવી જોઈએ. બને તો જવાબવહી લેતી વખતે કે પૂરક પૂરવણી લેતી વખતે સહી કરાવવાનો આગ્રહ રાખવો.

**ડૉ. વિશાલ વારિઆ**
**રોઝરી એજ્યુકેશન સિસ્ટમ, રાજકોટ**

# હનુમંત હાઇસ્કુલના ધો.૧૦ના વિદ્યાર્થીઓએ આચાર્ય અને શિક્ષકોને પરીક્ષાને લગતા વિવિધ પ્રશ્નો પૂછ્યા



**હર્ષ:** ધોરણ ૧૦નો હર્ષ એવું અનુભવે છે કે તેને પરીક્ષાના તૈયારીનું કંઇ જ યાદ રહેતું નથી. વિક્રાંત માને છે કે તે ૯૦ ટકા મેળવી શકે છે જે તેની અપેક્ષા કરતાં ઓછું છે. બોર્ડની પરીક્ષામાં બેસનાર ઘણા વિદ્યાર્થીઓને આ સમસ્યા હોય છે. પરીક્ષાએ વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની કસોટી છે. ઉચ્ચ પરિણામ મેળવવાની અપેક્ષા વિદ્યાર્થીને ધ્યાનમાં રાખીને હનુમંત હાઇસ્કુલના લાયબ્રેરીયન શ્રી દયાવંતે તેમના આચાર્ય અને અન્ય શિક્ષકો સાથે તા. ૧૮ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે એક ઇન્ટરવ્યુ - Exam Feverનું આયોજન કર્યું હતું.

આ સેશનમાં ધો. ૧૦ના વિદ્યાર્થીઓએ આચાર્ય અને અન્ય શિક્ષકોને પરીક્ષાને લગતા વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા.

**ભક્તિ:** એક સાથે સમગ્ર અભ્યાસક્રમનું રીવીઝન કરવું મુશ્કેલ છે. તો ઝડપથી સમગ્ર અભ્યાસક્રમનું રીવીઝન કેવી રીતે કરી શકાય? સમજવામાં અને રીવીઝન કરવામાં સરળતા રહે તે રીતે અગત્યનાં મુદ્દાઓની નોંધ કરવી. કે જે સફળતા મેળવવામાં ઉપયોગી બને. અને તે સરળતાથી સમગ્ર માહિતી પૂરી પાડે.

- વિષયવસ્તુ યોગ્ય રીતે રચાયેલી હોવી જોઇએ. અને તાર્કિક રીતે એવી રીતે જોડાયેલી હોવી જોઇએ કે જે ટુંકમાં યાદ રાખવામાં મદદરૂપ થાય.
- અભ્યાસક્રમમાં આવતાં ાિર્ઉદ્ધિજ, વ્યાખ્યા, કાર્યોને હાઈલાઈટ કરવા જોઇએ.
- યાદ રાખવા માટે તમારે તમારી પોતાની યાદી તૈયાર કરવી જોઇએ. ઈક્ષ. પેપેને કેડીઊં બડા (પેટ્રોલિયમના ઘટકો યાદ રાખવા માટે)
- આકૃતિઓ, કોષ્ટકો, ફલોચાર્ટ વર્ણનાત્મક પ્રશ્નોને સમજવા અને ઝડપથી યાદ રાખવા માટે ઉપયોગી થશે.
- Heading અને Subheading લખવામાં ખૂબ ધ્યાન રાખવું.
- સંક્ષિપ્ત રૂપો અને નાના શબ્દોનો ઉપયોગ કરવો.
- બિનજરૂરી લખાણને છોડી દેવું.

**મિસરી:** વિસ્તૃત પ્રશ્નોના જવાબ કેવી રીતે યાદ કરવા?

- સાબિત કરવામાં આવ્યું છે કે આપણે જે વાંચીએ છીએ તેના ૧૦ ટકા જે જોઇએ છીએ તેના ૨૦ ટકા જે જોઇએ છીએ અને સાંભળીએ છીએ તેના ૫૦ ટકા જે સાથે મળીને કરીએ છીએ તે ૭૦ ટકા અને જે આપણે કરીએ છીએ તેના ૮૦ ટકા યાદ રાખી શકીએ છીએ.
- જે વિસ્તૃત જવાબ તમે યાદ રાખવા માંગો છો તેની તમારા મિત્ર સાથે ચર્ચા કરો અથવા તે તમારા મિત્રને શીખવો ચોક્કસ તમને તે આવડી જશે.
- આ બાબત ફરી તમારી સંયોજન શક્તિ અને સારી નોટ તૈયાર કરવાની ક્ષમતા પર આધારિત છે. પેરેગ્રાફ પાડીને અગત્યના મુદ્દાઓને હાઇલાઇટ કરેલ બાબત વિસ્તૃત જવાબોને યાદ રાખવામાં ચોક્કસ મદદરૂપ બનશે.

**સોહા:** આહાર પ્રત્યે શું ધ્યાન રાખવું જોઇએ?

- વૈજ્ઞાનિક રીતે સાબિત થયું છે કે આહાર અને વ્યાયામ આપણી યાદશક્તિ પર ખૂબ અસર કરે છે. જંક ફૂડ, તળેલો અને વધારે ગળપણ વાળો ખોરાક યાદશક્તિને ઓછી કરે છે. અખરોટ અને કીવીમાં રહેલુંદ્વીપ્ક્ષ્ક-૩ યાદશક્તિને તેજ બાનાવે છે. પરીક્ષા દરમ્યાન વધારે પ્રમાણમાં ફળો ખાવા જોઇએ અને ખૂબ પાણી પીવું જોઇએ.
- નિયમિત ૩૦ મિનિટની કસરત જરૂરી છે. આપણા મગજમાં આવેલ પિટ્યુટરી ગ્રંથિમાંથી નીકળતો એન્ડ્રોફિન નામનો અંતઃસ્રાવ તમને આનંદિત રહેવામાં અને દુઃખની લાગણીને દૂર રાખવામાં મદદરૂપ થશે.
- વ્યાયામ અને યોગ્ય આહાર તમને સકારાત્મક બનાવશે અને ચિંતાને દુર કરશે. તેથી મારી સલાહ છે કે દિવસમાં ઓછામાં ઓછું અડધો કલાક રમવું, દોડવું, ચાલવું, જેવી શારીરિક પ્રવૃતિઓ કરવી.

**પ્રણવ:** યાદશક્તિને સતેજ કરવાની અગત્યની બાબતો આપો?

- ટુંક સમયગાળામાં તમારી માનસિક ક્ષમતાને વધારવા કોઇ જાદુ નથી પણ વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવીને તમે તે કરી શકો છો ઉપર જણાવ્યા પ્રમાણે નિયમિત પુનરાવર્તન ટુંક સમયની સ્મૃતિને લાંબાગાળાની સ્મૃતિમાં ફેરવી શકશે.
- તમારે વાંચનની પદ્ધતિ પણ વિકસાવવી પડશે. આકૃતિઓ, ફ્લોચાર્ટ, મેપ રીડીંગ લાંબા પ્રશ્નો યાદ રાખવા માટે ઉપયોગી બનશે.

# યંગ રિપોર્ટર્સ ક્લબના વિદ્યાર્થીઓએ બોર્ડમાં મૂંઝવતા પ્રશ્નો વિશે આચાર્ય સાથે ચર્ચા કરી

**ગુજરાત બોર્ડ દ્વારા લેવાતી ધો.૧૦ની પરીક્ષાને ધ્યાનમાં રાખી આચાર્યશ્રી જી. જે. ડઢાણીયા સાહેબે ધો.૧૦ના વિદ્યાર્થીઓ સાથે બોર્ડની તૈયારી અને બોર્ડમાં મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કઇ રીતે કરવું તેની ચર્ચા કરી હતી. યંગ રિપોર્ટર્સ કલબ દ્વારા માર્ગદર્શન ચર્ચા યોજાયેલી. જેમાં ધો.૧૦ના વિદ્યાર્થીઓ ઘેરવાડિયા માનસી, નડિયાપરા હેમાંગી, રાજપરા પૂર્વીએ નીચે મુજબના સવાલો પૂછેલા અને આચાર્યશ્રી દ્વારા યોગ્ય માર્ગદર્શન મેળવેલું.**

**માનસી: રીવીઝન માટે કેવી રીતે Important Notes તૈયાર કરવી?**

**જવાબ:** સરે જણાવ્યું હતું કે ભાષાકીય વિષયો જેવા કે ગુજરાતી, અગ્રેજી, હિન્દી અને સંસ્કૃતમાં પાઠ અને કવિતાઓ વાર્તારૂપે યાદ રાખો. ભાષાકીય ભૂલો ન થાય તે નિયમો યાદ રાખવા. વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં દરેક પાઠના મુદ્દાઓની નોટ રાખો. જ્યારે ભણો છો ત્યારે મહત્વના ટોપીકને હાઈલાઈટ કરો. અન્ડર લાઈન કરવી. ગણિતમાં દાખલા ગણવા સૂત્રો અને નિયમોની યાદી કરો.

**હેમાંગી: લાંબા પ્રશ્ન જવાબ યાદ રાખવાની સરળ પદ્ધતિ કઈ?**

**જવાબ:** લાંબા પ્રશ્નને યાદ રાખવા માટે સૂત્ર તૈયાર કરો. જ્યારે બે પેઈઝનો જવાબ લખવો હોય ત્યારે તેને સૂત્ર બનાવી અને મુદાસર જવાબ લખી શકાય. વિજ્ઞાન વિષયમાં મોટા ભાગની આકૃતિઓ દોરી અને પછી તેનું વિસ્તૃતીકરણ કરી શકાય. વ્યાકરણના વિષયોમાં નિયમોને યાદ રાખી વ્યવસ્થિત જવાબ લખી શકાય. ગણિતમાં Formula, theorem (સૂત્રો પ્રેમય) એકવાર દિવસમાં લખવાથી તમે એનો પરીક્ષામાં સારી રીતે જવાબ લખી શકાય.

- વાંચનની શરૂઆત કરતાં પહેલા પાંચથી દશ મિનિટ ધ્યાન કરવું અને મન શાંત કરી એકાગ્રતા કેળવવી.
- લાંબા પ્રશ્નો યાદ રાખવા તેના જવાબના મુદ્દાઓ વાંચી બુક મૂકી યાદ કરવાં. તેમાંથી જે યાદ ન રહે તે મુદ્દા ફરી વાંચવા.
- બધાજ મુદ્દાઓ યાદ રહી જાય પછી નોટમાં મોઢે લખવાની પ્રક્ટીસ કરવી.

**માનસી: રીવીઝન અને પરીક્ષાની તૈયારી માટે સમયનું આયોજન કઈ રીતે કરવું?**



**જવાબ:** આમ તો વર્ષની શરૂઆતથી જ સમય પત્રક હોવું જોઇએ. દરેક વિષયને પ્રાધાન્ય આપીને જ દરેકનું રોજ હોમ વર્ક કરવું જોઇએ. પરીક્ષા સમયે આપણે જે વિષયમાં વધારે મહેનતની જરૂર છે. તેટલો સમય તે વિષયને આપવો. અત્યારે પરીક્ષાને આડે ૪૫ દિવસ છે તો જરા પણ સમય બગાડયા વિના આપણે આપણા વિષયોમાં ધ્યાન આપવું. વધારે પેપરોની પ્રેક્ટીસ કરવી. એક સાથે ત્રણ કલાક બેસીને જ પેપર લખવાનો આગ્રહ રાખવો. પેપર પ્રેક્ટીસ હશે તો બોર્ડમાં સમયસર પેપર લખી શકાય.

**પૂર્વી: પરીક્ષાને લઈને શું અમારે અમારા રોજિંદા દિનચર્યામાં કોઇ પરિવર્તન કરવાનો? એ કેવો પરિવર્તન કરવાનો?**

**જવાબ:** પરીક્ષા નજીક આવી રહી છે. હવે રાત ઉજગરા કરવાના બધા એવું વિચારે છે. પરંતુ જો વિદ્યાર્થી મિત્રો તમે સમયસર અને સમયપત્રકની સાથે ચાલશો તો દિનચર્યામાં કંઈજ ફેરફાર કરવાની જરૂર નથી. પરીક્ષા સમય વહેલું ઉઠી પૂજા પાઠ કરીને અભ્યાસ કરવા બેસી જવું. કારણ કે સવારનો સમય અભ્યાસ માટે ખૂબજ અનુકૂળ રહે છે. ત્યાર પછી હળવો નાસ્તો લઈ અને અભ્યાસ કરવા બેસવું.


બાળકો પરીક્ષા સમયે ખોરાકમાં ખાસ કરીને સાદો અને સાત્વીક ખોરાક લેવો. જેથી કરીને આપણું સ્વાસ્થ્ય સારું જળવાઈ રહે.

**હેમાંગી: ગણિત અને વિજ્ઞાન જેવા પ્રેક્ટીલ વિષયની તૈયારી માટે શું સૂચન છે?**

**જવાબ:** ગણિત વિષયને ધ્યાનમાં રાખી સમજાવ્યું હતું કે, ગણિતમાં પધ્ધતિ યાદ રાખો. બને તેટલા નિયમોનું પુનરાવર્તન કરો. એક સરખા વધારે ને વધારે દાખલા ગણો. પ્રમેય રચનાને રોજ એક વાર લખો. જેટલી ગણિતમાં વધારે પ્રેક્ટીસ તેટલું સારું પરિણામ મેળવી શકાય. વિજ્ઞાનની વાત કરીએ તો પ્રેક્ટીસ જ્ઞાન મેળવવું. નિયમો યાદ રાખવા બને તેટલા વધારે એક્સપરીમેન્ટ કરીને યાદ રાખવું. જેટલું પ્રેક્ટીલ જ્ઞાન મેળવ્યું હશે તેટલું સારી રીતે યાદ રાખી શકાય. ખાસ તો તમે જ વિષય ભણો છો તેને કોન્સેપ્ટ કલીઅર કરવો.

અંતમાં સૌને પરીક્ષાની શુભ્ચ્છા આરી બોર્ડની પરીક્ષામાં સારી રીતે છઁઈછઇ કરો એવા આર્શિવાદ આપ્યા. આચાર્યશ્રીનું માર્ગદર્શન અમારા આગામી ભવિષ્યમાં સફળ થવામાં ઉપયોગી થશે.

# યંગ રિપોર્ટર્સ ક્લબ દ્વારા વદ્યાર્થીઓએ વસંત પંચમી ઉપર તેમનો અભિપ્રાય વ્યક્ત કર્યો



ભારતમાં ઘણા તહેવારો આવે છે. તેમાનો એક છે 'વસંત પંચમી'. વસંત પંચમી હિંદુઓનો એક પવિત્ર તહેવાર છે. ભારતમાં આ તહેવાર ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવે છે. અને તે "શ્રી પંચમી"ના નામે પણ ઓળખાય છે. વસંત પંચમીના દિવસે દેવી સરસ્વતીનું પુજન થાય છે. બાળકોના વિદ્યાનો આરંભ આજ દિવસે કરાય છે. એવું કહેવાય છે કે વસંત પંચમીનો દિવસ વણજોયા મુહૂર્તનો હોય છે. એટલે આ દિવસ તમામ મુહૂર્તને શુભ માનવામાં આવે છે. આ ઋતુનો કવિઓ પણ પોતાની કવિતાઓમાં ઉલ્લેખ કર્યો છે. માનવ જીવન પર પણ વસંતનો પ્રભાવ પડે છે. વસંત ઋતુના નૃત્યગીતોને અનેરો મહિમા ગણાય છે. આ દિવસે વિદ્યાર્થીઓ પોતાના શિક્ષક પાસેથી વિદ્યાને મેળવવાનો આરંભ કરે છે. અને શિક્ષક પુરા ઉલ્લાસ અને આનંદથી વિદ્યા આપે છે.

**અભય પાણખાણીયા, ધો. - ૯, બી, મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ**



પાનખર ઋતુ પુરી થાય છે. અને ગ્રીષ્મઋતુની શરૂઆત વસંતપંચમી પછી ગ્રીષ્મ ચાલુ થાય છે. વસંત પંચમીનો દિવસ આપણાં હિંન્દુ લોકો માટે બહું મહત્વનો છે. વસંત પંચમીના દિવસે કોઇપણ શુભકાર્ય કે શુભ પ્રસંગ માટે શ્રેષ્ઠ ગણાય છે. આ દિવસે ભગવાન શ્રી કૃષ્ણને સફેદ વસ્ત્ર પહેરાવામાં આવે છે. અને રંગબેરંગી ફૂલોથી મંદિરને શણગારવામાં આવે છે. વસંત પંચમીના દિવસથી મથુરામાં રંગોત્સવ ચાલુ થાય છે. જે ધૂળેટીના દિવસે પુર્ણ થાય છે. મથુરામાં આ દિવસોમાં દેશ-વિદેશથી લોકો વસંત પંચમીના દિવસથી રંગોત્સવ જોવા આવે છે. ને આ દિવસે દેવી સરસ્વતીનું પુજન થાય છે. નાનાં બાળકોના આજના દિવસથી વિદ્યા આરંભ થાય છે. અને હિમાલયમાં શંકર ભગવાને તેનું ત્રિનેત્ર ખોલીને કામદેવનો વધ કર્યો હતો. તેથી આ દિવસ ખુબ જ શુભ મનાય છે.

**મકવાણા જૈત્ર, ધો. - ૯, બી, મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ**



વિશ્વના બધા દેશોમાંથી ભારત દેશ એક પ્રસિદ્ધ તહેવારોનો દેશ છે. ભારતમાં બધા જ તહેવારો ખૂબ જ ધામધૂમથી ઊજવાય છે. જેમકે દિવાળી, હોળી, નવરાત્રી, ઉત્તરાયણ, વગેરે તેમજ ભારત દેશમાં વિવિધ છ ઋતુંઓ પણ છે. હેમંત, વસંત, ગિષ્મ, વર્ષા, શરદ, તેમાં વસંતઋતુને "ઋતુઓની રાણી" કહેવાય છે. આ ઋતુમાં જઉં, ચણા, ઘઉં જેવા પાકોનું ઉત્પાદન થાય છે. તે માટે વસંત પંચમી ઉજવામાં આવે છે. વસંત પંચમીના દિવસે દેવી સરસ્વતીનો જન્મ થયો હતો. આમ શાળામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો ભેગાં મળીને આ તહેવારની ઉજવણીની સાથે સાથે સરસ્વતી દેવીની પૂજા કરે છે. વસંત ઋતુમાં ન તો વધુ ઠંડી કે ન તો વધુ ગરમી હોય છે. આ ઋતુમાં ઉત્તરાયણ પણ એક તહેવાર ધામધુમથી ઊજવાય છે. બધાં લોકો પતંગ ઉડાડીને પણ આ તહેવારનો આનંદ માણે છે. વસંત પંચમીના તહેવાર પર વિદ્યાને પ્રાપ્ત કરવાની અને સદ્‌બુદ્ધિથી કાર્ય કરવાનું એવી પ્રેરણાને માણસથી અંદર ઉતારવાનું મહત્વ હોય છે. ઋતુઓની રાણી વસંત ઋતુંનું ખૂબ જ મહત્વ છે. વસંતઋતુના સવારના કોમળ સૂર્યના કિરણો સામે ઊભા રહીને શરીરને સ્ફૂર્તિ અને આંખને તેજ મળે છે. આથી જ આ ઋતુમાં વસંત પંચમીના તહેવારનું અનોખું દ્રશ્ય ખૂબ જ મનોહર હોય છે.

**ગોહેલ દેવ્યાની જે., ધો. - ૯, સી, મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ**



ભારત ઋતુઓની વિવિધતા ધરાવતો દેશ છે. આપણા દેશમાં છ ઋતુઓ આવે છે. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, શિશિર, અને હેમંત. મહાસુદ પાંચમનો દિવસ એટલે વસંત પંચમી. આ દિવસથી વસંતઋતુ બેસે છે. આ દિવસે ખાસ કરીને નવદંપત્યઓ રંગ-બેરંગી વસ્ત્રો પહેરી આંબાના મહોર અને સુંગદીક ફુલોથી રતિ અને કામદેવનું પૂજન કરે છે. મંદિરોમાં ભજન- કિર્તન થાય છે. આ દિવસ લગ્ન અને અન્ય મંગળ કાર્યો માટે ઉત્તમ ગણાય છે. એટલે લોકો આ દિવસે લગ્ન ઉપરાંત મકાનનું વાસ્તુ, સગયણ દુકાન અને કારખાનામાં ઉદ્દઘાટન અન્ય ધંધાઓની આરંભ વગેરે કરે છે.

વસંત ઋતુમાં વસંતપંચમી હોળી અને ધૂળેટી જેવા તહેવારો આવે છે. લોકો ગુલાલ ઉડાડીને તેમજ ઢોલના તાલે નાચીને આ રંગોના પર્વને ઉજવે છે. આ ઋતુમાં ઘઉં અને જુવારનો પાક ખાવાની મજા આવે છે.

**રાજાણી કાજલ આર., ધો. - ૧૦, સી, મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ**



વસંત પંચમી હિંદુઓનો એક પ્રસિદ્ધ તહેવાર છે. ભારતમાં આ તહેવાર ખૂબ જ ધૂમધામથી મનાવવામાં આવે છે. અને તેને શ્રીપંચમી પણ કહેવાય છે. વસંતપંચમીના દિવસે જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી દેવીનો જન્મ થયો હતો. તે ઋતુને તેના આગવા રંગ-રૂપ અને સૌંદર્ય હોય છે. આપણા દેશમાં છ ઋતુઓ હોય છે. જે ક્રમમાં આવી પોતાનો થોડો સમાન રંગ બતાવે છે. પરંતુ વસંત ઋતુ ઋતુઓની રાણી કહેવાય છે. વસંતઋતુમાં સંધ્યાના સમયે વસંતના મેળાઓ લાગે છે. દુર દુરથી લોકો તે મેળાઓ જોવા માટે આવે છે. આ ઋતુમાં અનાજ જેવા કે ઘઉં, ચણા વગેરે પાકો તૈયાર થાય છે. આ ઋતુનો કવિઓ એ પણ પોતાની કવિતાઓમાં ઉલ્લેખ કર્યો છે. માનવ જીવનમાં પણ વસંતનો પ્રભાવ પડે છે. વસંત ઋતુના નૃત્યગીતોનો અનેરો મહિમા ગવાયો છે. આ પર્વ પર શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને વિદ્યાનો મહત્વ બતાવે છે. અને પુરા ઉલ્લાસ અને આનંદ સાથે ભણવાની પ્રેરણા આપે છે.

**સેહુઆ રૈના, ધો. - ૯, સી, મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ**



ભારત તહેવારોનો દેશ છે. અહીં બધા જ તહેવારો ધૂમધામથી ઊજવાય છે. વસંત ઋતુને ઋતુઓની રાણી કહે છે. આ ઋતુમાં ઘઉં, ચણા, જેવાં..... પાકો થાય છે. વસંત ઋતુમાં ખુબ જ પ્રસિદ્ધ એવો વસંત પંચમીનો તહેવાર આવે છે. જે ભારત દેશમાં ધામધૂમથી ઊજવાય છે. વસંત પંચમીના તહેવારને શ્રી પંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે.

એક ઐતિહાસિક કથા મુજબ વસંત પંચમીના દિવસે જ્ઞાનના દરિયા જેવી દેવી સરસ્વતીનો જન્મ થયો હતો. વસંત પંચમીના દિવસે શાળા- મહાશાળાઓમાં દેવી સરસ્વતીની પૂજા અર્ચના કરવામાં આવે છે. અને તે દિવસે ઘણી શાળાઓમાં કાર્યક્રમો યોજવામાં આવે છે. વસંચ ઋતુનું આપણા દેશમાં અનેરૂ મહત્વ છે. આ ઋતુ સ્વાસ્થની દ્રષ્ટિએ પણ ખૂબ જ મહત્વ છે. આ ઋતુમાં ન તો ખૂબ જ ઠંડી હોય છે, ન તો ખૂબ જ ગરમી હોય છે. અને ન તો કોઇ ને પણ વરસાદની ચિંતા હોય છે. માટે ઘણા કવિઓ વસંતપંચમીને નિબંધનો વિષય પણ માને છે. ઉત્તરાયણ ગયા પછી પણ ઘણાં લોકો પતંગ ઉડાડે છે. બાળકોથી લઇને આબાલ વૃદ્ધને વસંત ઋતુ પ્રિય હોય છે. વસંત પંચમી તહેવાર આપણને આનંદ, ઉલ્લાસ અને રમત ગમત સાથે ભણવાની પ્રેરણા આપે છે.

**સહાની શિતલ એસ., ધો. - ૯, સી, મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ**



વસંત ઋતુએ ઋતુઓની રાણી કહેવાય છે. વસંતની પાંચમની દિવસે વસંત પંચમી ઉજવાય છે. વસંત પંચમીએ શુભ દિવસ ગણાય છે. આ દિવસમાં અથવા આ દિવસથી શુભકાર્યોની શરૂઆત થાય છે. આ ઋતુમાં નવા નવા પાક લેવામાં આવે છે. વસંત પંચમીએ દેવી સરસ્વતીનો જન્મદિવસ છે. આ દિવસે વિદ્યાર્થીઓ ખૂબ સારી ઉજવે છે. કારણ કે આ દિવસે દેવી સરસ્વતીની પૂજા થાય છે. આ દિવસ વિદ્યાર્થીઓ માટે ખૂબ શુભ ગણાય છે. આ સમયને લગ્નગાળા માટે ખૂબ શુભ ગણાય છે. આ ઋતુમાં ઘઉં, ચણા જેવા પાકો લેવામાં આવે છે. આ ઋતુમાં ખેડૂતો ખૂબ ખૂશ રહે છે. આ ઋતુ વાતાવરણ ખૂબ ખુશનુમા રહે છે. વાતાવરણમાં રહેવાની ખૂબ મજા આવે છે. આજના દિવસે સાંજના સમયમાં મેળા પણ ભરાય છે. ખરેખર આ ઋતુ અને ઋતુમાં આવતા તહેવારોમાં ખૂબ મજા આવે છે.

**ઘેરવડા માનસી વી., ધો. - ૧૦, સી, મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ**



ભારત તહેવારોનો દેશ છે. આપણા દેશમાં કુલ છ ઋતુ છે. હેમંત, શિશિર, વસંત, ગિષ્મ, વર્ષા, શરદ, વસંત ઋતુ 'ઋતુઓની રાણી' કહેવાય છે. વસંત ઋતુને પાનખર ઋતુ પણ કહે છે. આ ઋતુમાં અનાજ જેવા કે ઘઉં, જંવુ, ચણા વગેરે પાકો તૈયાર થાય છે. આથી આપણે તેની ખુશીમાં વસંતપંચમીનો તહેવાર ઉજવીએ છીએ. પૌરાણિક કથા મુજબ વસંતપંચમીના દિવસે દેવી સરસ્વતીનો જન્મ થયો હતો. આથી ઘણાં લોકો ઉપરાંત વિદ્યાર્થીઓ આ દિવસે સરસ્વતી દેવીની પૂજા કરે છે. ઋતુ રાણી વસંતનું આપણા દેશમાં ખૂબ જ મહત્વ છે. આ ઋતુ સ્વાસ્થર્યની દ્રષ્ટીએ પણ ખૂબ જ ઉપયોગી છે. આ ઋતુમાં ન તો ખૂબ ઠંડી હોય, નતો ખૂબ ગરમી હોઇ તેમજ વરસાદની ચિંતા પણ ન હોય. આ ઋતુ માટે કવિઓએ પણ પોતાની કવિતાઓમાં ઉલ્લેખ કર્યો હોય છે. વળી ઉત્તરાયણ સિવાય પણ ઘણાં લોકો આ દિવસે પતંગ ઉડાડે છે તો વળી મેળાઓ પણ ભરાય છે. આમ વસંતઋતુમાં વાતાવરણ અત્યંત ખુશનુમાં હોય છે. જેથી અબાલ વૃદ્ધ બધાં લોકોને આ ઋતુ ગમે છે.

**પરમાર નિરાલી એમ., ધો. - ૧૦, સી, મેમ્બર-યંગ રિપોર્ટર્સ ક્લબ**

# જે હસે એ વસે

તમે શિક્ષકની ભૂમિકા ભજવવા સજ્જ છો ત્યારે મારે તમને એક વાત કહેવી છે. તમે વર્ગમાં જાઓ ત્યારે સૌથી પહેલા સ્મિત કરવાનું ચૂકશો નહીં. મંદ હાસ્ય દ્વારા વિદ્યાર્થીઓનું અભિવાદન કરજો. જેનાથી તરત જ નોખો સંબંધ સ્થાપિત થઈ જાય છે. તમે માણસ છો અને માનવીય સંવેદના ધરાવો છો. હું તમારો હિતેચ્છુ છું એવું બધું માત્ર એક સ્માઈલ દ્વારા કશું પણ બોલ્યા વગર કહી શકાય છે.

પહેલાના જમાનામાં આશ્રમ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું હતું. એમાં પ્રત્યક્ષ જ્ઞાનનો ઘણો મહિમા હતો. એક વાર એક ગુરૂ અભ્યાસના આરંભે વિદ્યાર્થીઓને નદી કિનારે લઈ ગયા. દરેક વિદ્યાર્થીના હાથમાં એક એક પથ્થર આપવામાં આવ્યો. એ પથ્થરને નદીના છીછરા જળમાં મૂકવાનું કહ્યું. બધાએ એમ કર્યું. ગુરૂએ કલાક પછી પથ્થર પાછો લઈ લેવાનું કહ્યું. ગુરૂએ બીજી વાર દરેકના હાથમાં માટીનું ઢેફું લઈ લેવાની સુચના આપી. એને પથ્થરની જેમ પાણીમાં મુકવાનું કહ્યું. કલાક પછી ગુરૂએ કહ્યું કે હવે એ માટીનું ઢેફું પાછું લઈ લો. એકે કહ્યું પણ ગુરૂજી એ તો પાણીમાં ઓગળી ગયું છે. ગુરૂએ કહ્યું જોયુ ને આપણે પથ્થર થઈએ ને પાણી વચ્ચે રહીએ તો પણ પથ્થર રહીએ છીએ. પણ માટી બનીએ તો ઓગળી જઈ પાણામાં ભળી જઈએ છીએ. આપણે સૌ માટીના સંતાનો છીએ. તેથી આપણામાં માટીના ગુણો હોવા જોઈએ એટલે માટી જેમ પાણીમાં ઓગળી ગઈ અને ભળી ગઈ તેમ આપણે પણ આપણો સ્વભાવ બધામાં ભળી જઈએ તેવો રાખવો જોઈએ ના કે પથ્થર જેવો સ્વભાવ રાખવો જોઈએ પથ્થર જેવો સ્વભાવ રાખવાથી જીવનમાં લાંબા ગાળા પછી આપણે એકલા રહી જઈએ છીએ. જીવનનો સાચો આનંદ તો બધાની સાથે ભળી જવામાં જ છે.



# તરણ સ્પર્ધાના વિજેતા





HATHI-SIDHEE
SWIMATHON-2016
Certificate of Merit

શ્રી રામ સ્વીમીંગ કલબ પોરબંદર ખાતે દરીયાઇ સ્પર્ધા યોજાઇ હતી. તે આખા ભારતની એકમાત્ર સ્વીમીંગ કલબ છે. પોરબંદરના દરીયામાં જેલીફીશ જેવી ડંખ મારનારી અનેક માછલીઓ અને બીજા જળચરો વચ્ચે ગુજરાત માંથી અને નેશનલ લેવલની સ્પર્ધા માટે દેશભરમાંથી આવેલા લોકોએ ભાગ લીધો હતો. પેરામેડીકલ લોકો એ પણ ભાગ લીધો હતો. તેમાં ગુજરાતમાંથી અમદાવાદથી મિલન.એમ.જાદવ ઉ. વ-૧૦, ૫૦૦ મીટરમાં ભાગ લઇ સફળતા પુર્વક સ્પર્ધા પાર કરી હતી.

# જીવનમાં એક જ ક્ષણમાં પરિસ્થીતી તદ્દન બદલાઈ જઈ શકે છે

**ટૂંકી વાર્તા**

એક જંગલ હતું.તેમાં એક હરણી ગર્ભવતી હતી અને તેનું બચ્ચુ જન્મવાની તૈયારીમાં જ હતું. દૂર દેખાઈ રહેલું નદી પાસેનું એક ઘાસનું મેદાન તેને સુરક્ષિત જણાતા, તેણે ત્યાં જઈ બચ્ચાને જન્મ આપવાનો નિર્ણય કર્યો. તે ધીમે ધીમે ત્યાં જવા આગળ વધી અને ત્યાં જ તેને પ્રસૂતિની પીડા શરૂ થઈ ગઈ. તે જ ક્ષણે અચાનક તે વિસ્તારના આકાશમાં કાળા ડિબાંગ વાદળા છવાઈ ગયાં અને વિજળીનો ગડગડાટ શરૂ થઈ ગયો. વિજળી પડતા ત્યાં દાવાનળ ફેલાઈ ગયો.

હરણીએ ગભરાયેલી નજરે ડાબી બાજુ જોયું તો ત્યાં તેને એક શિકારી પોતાના તરફ તીરનું નિશાન તાકતો દેખાયો. તે જમણી તરફ ફરી ઝડપથી એ દિશામાં આગળ વધવા ગઈ ત્યાં તેને એક ભૂખ્યો વિકરાળ સિંહ પોતાની દિશામાં આવતો દેખાયો. આ સ્થિતીમાં ગર્ભવતી હરણી શું કરી શકે કારણ તેને પ્રસૂતિની પીડા શરૂ થઈ ચૂકી છે.

**તમને શું લાગે છે? તેનું શું થશે? શું હરણી બચી જશે?**

- શું તે પોતાના બચ્ચાને જન્મ આપી શકશે? શું તેનું બચ્ચુ બચી શકશે? કે પછી દાવાનળમાં બધું સળગીને ભસ્મીભૂત થઈ જશે?
- શું હરણી ડાબી તરફ ગઈ હશે? ના,ત્યાં તો શિકારી તેના તરફ બાણનું નિશાન તાકી ઉભો હતો.
- શું હરણી જમણી તરફ ગઈ હશે?ના,ત્યાં સિંહ તેને ખાઈ જવા તૈયાર હતો.
- શું હરણી આગળ જઈ શકે તેમ હતી?ના,ત્યાં ધસમસ્તી નદી તેને તાણી જઈ શકે એમ હતી.
- શું હરણી પાછળ જઈ શકે તેમ હતી?ના,ત્યાં દાવાનળ તેને બાળીને ભસ્મ કરી દઈ શકે તેમ હતો.

**જવાબ:** આ ઘટના સ્ટોકેઈસ્ટીક પ્રોબેબીલીટી થિયરીનું એક ઉદાહરણ છે.તે કંઈજ કરતી નથી.તે માત્ર પોતાના બચ્ચાને,એક નવા જીવને જન્મ આપવા પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. એ ક્ષણ પછીની ફક્ત એક જ બીજી ક્ષણમાં આ પ્રમાણે ઘટનાક્રમ બનવા પામે છે. એક ક્ષણમાં શિકારી પર વિજળી પડે છે અને તે અંધ બની જાય છે.આકસ્મિક બનેલી આ ઘટનાને લીધે શિકારી નિશાન ચૂકી જાય છે અને તીર હરણીની બાજુમાંથી પસાર થઈ જાય છે. તીર સિંહના શરીરમાં ઘૂસી જાય છે અને તે બૂરી રીતે ઘાયલ થઈ જાય છે. એ જ ક્ષણે મૂશળધાર વર્ષા વરસે છે અને દાવાનળને બૂઝાવી નાંખે છે. એ જ ક્ષણે હરણી એક સુંદર, તંદુરસ્ત બચ્ચાને જન્મ આપે છે.



આપણા સૌના જીવનમાં એવી કેટલીક ક્ષણો આવે છે જ્યારે બધી દિશાઓમાંથી નકારાત્મક વિચારો અને સંજોગો આપણને ઘેરી વળે છે. એમાંના કેટલાક વિચારો તો એટલા શક્તિશાળી હોય છે કે તે આપણા પર હાવી થઈ જાય છે અને આપણને શૂન્યમનસ્ક બનાવી મૂકે છે.

પણ જીવનમાં એક જ ક્ષણમાં પરિસ્થીતી તદ્દન બદલાઈ જઈ શકે છે. સામાજિક એક્તા કે સંગઠનમાં પણ ચારેબાજુ નકારાત્મકતા જોવા મળે તો પણ દ્રઢ નિશ્ચય રાખીએ તો અવશ્ય સફળતા મળે જ છે.





The Open Page
Inspired Learning
SINCE - 1968
Address : 4th Floor, Vishwa Arcade, Opp. Kumkum Party Plot, Nr. Akhbarnagar Circle, Ahmedabad. Phone : 079-27621385/6
PHOTO

## લવાજમ ફોર્મ

લવાજમ ભરનાર નું નામ :
પિતાનું નામ :
અટક :
મોબાઇલ નંબર :
ફોન નંબર :
ઇ-મેઇલ આઇ.ડી. :
સ્કુલનું નામ :
ધોરણ વર્ગ વર્ગ
ઘરનું સરનામું :
શહેર રાજ્ય પિન કોડ નંબર
જન્મ તારીખ : DD MM YEAR
લવાજમ ભર્યા તારીખ :

લવાજમ રકમ : ૨૦૦/-
લવાજમ કઇ રીતે ભરશો : રોકડા ☐ ચેક ☐ ડીમાન્ડ ડ્રાફ્ટ ☐
(જો ચેક કે ડીમાંડ ડ્રાફ્ટ આપો તો ધી ઓપન પેજના નામે આપવો)

લવાજમ ભરનારની સહી




Website : www.theopenpage.co.in | Email : theopenpage@tripada.com.
Facebook : www.facebook.com/theopenpage

## ઉખાણા

**ચાલો મિત્રો આજે આપણે આપણા બાળપણમાં વિચારી જઇ અને સરસ મજાના ઉખાણાની રમત રમીએ. ચાલો તો શરૂ કરીએ તમને મન ગમતાં પાંચ ઉખાણા અમે આપી રહ્યાં છીએ...**

વગર દોરડે વાતો કરે,
સૌના પાડે ફોટા,
ગીત સંભળાવે,
પ્રસંગ બતાવે,
વાપરે નાના મોટા.

વડ જેવાં પાન ને,
શેરડી જેવી પેરી,
મોગરા જેવાં ફૂલ ને,
આંબા જેવી કેરી.

કાળો છે પણ કાગ નહીં,
દરમાં પેસે પણ ઉંદર નહીં,
વૃક્ષ ઉપર ચડે, વાનર નહીં,
ચાર પગ પણ ઢોર નહીં.

ત્રણ અક્ષરનું મારું નામ,
લખવા માટે આવું કામ,
છેલ્લો અક્ષર કાપો તો
કાગડો બનું,
નાના-મોટા સૌને હું ગમું.

આંખો ઉપર વસતાં ને,
સૌને રાખે હસતાં,
દૂર-નજીકનું જોઈ લઇને,
કદી ન પાછા ખસતાં.

**જવાબ: મોબાઇલ, મકોડો, આંકડો, કાગળ, ચશ્મા**


## નીચે આપેલા એક સરખા બે ચિત્રોમાં સાત તફાવત છે તે શોધો




## ટપકા જોડો અને રંગ પૂરો




## ગણતરી કરી સાચો જવાબ શોધો



## જો જો પાછા હસતા નહી

### વકીલ-જજ

એકવાર કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. કેસની સુનાવણી શરૂ થઈ ત્યાં વકીલ સાહેબ ઉભા થઇ જજને પૂછ્યું માઇ લાર્ડ કાનૂનની ચોપડીના પેજ નંબર ૧૫ મુજબ મારા મુવાકિલને બાઇજ્જત બરી કરાય.
**જજ:** ચોપડી પેશ કરો?
**વકીલ:** ચોપડી જજ સાહેબને આપી. જજે બુકના પેજ નંબર ૧૫ ઉપર જોયું તેમાં ૧૦૦૦ની ૧૦ નોટો હતી.
જજે હસીને કહ્યું સારું આવા બે સબુત બીજા પેશ કરો.

### દુઆઓ...

**પપ્પુ:** મિત્રો મારી દુઆઓ કબુલ થાય છે? જુઓ?
મે મારા એક મિત્રને દુઆ આપી, કે તમે હસતા રહો
તો તે આજે પાગલખાનામાં છે
મે મારા બીજા મિત્રને દુઆ આપી દુનિયા તારા ઇશારાઓ પર ચાલે તો, આજે એ ટ્રાફિક પોલિસમાં છે.
મે મારા ત્રીજા મિત્રને દુઆ આપી કે તારી જિંદગી ફુલોથી ભરી જાય, તો આજે તે માળી છે.

### રોટલીઓ...

એક મહિલા એક કલાકમાં ૫૦ રોટલીઓ બનાવી લે છે? તો ત્રણ મહિલાઓ એક કલાકમાં કેટલી રોટલીઓ બનાવશે?
છગન: એક પણ નહીં?
ટીચર: કેમ ?
છગન: ત્રણેય એક બીજાથી વાત કરવામાં વ્યસ્ત રહેશે!

### મનુ-કનુ

મનુ : મારા કાકાની પાસે સાયકલથી માંડીને હવાઇ જહાજ સુધી બધુ જ છે.
કનુ: તારા કાકા શેનો વેપાર કરે છે?
મનુ: તેમની રમકડાની દુકાન છે.

# તરબૂચમાં પાણી વધારે હોય છે, આવું શા માટે?

તરબૂચને અંગ્રેજીમાં 'વોટરમેલન' કહેવામાં આવે છે. એંગ્રેજીમાં આ ફળનું નામ પાણી સાથે જોડાયેલું શા માટે છે એ જાણો છો? એટલા માટે કે તરબૂચમાં પાણી જ પાણી છે. તરબૂચમાં ૯૦ ટકા પાણી હોય છે. તરબૂચમાં અમુક એવી કોશિકાઓ હોય છે, જે પાણીને પોતાની અંદર વધુમાં વધુ પ્રમાણમાં સંઘરી રાખવાની ક્ષમતા રાખે છે. આ કોશિકાઓને બબલ કોશિકાઓ કહે છે. એટલે જ તરબૂચમાં પાણી વધારે હોય છે.

**જાણવા જેવું?**

તરબૂચ એ ગરમીનું ફળ છે. આ ફળ મૂળ તો આફ્રિકાનું છે, પણ હવે તો એ દુનિયાના બધા દેશોમાં જોવા મળે છે. અમુક લોકો એને ફળની રીતે ખાય છે તો અમુક લોકો એને અથાણારૂપે પણ ખાય છે. એનું ફળ જેટલું મીઠું હોય છે એટલાં જ સ્વાદિષ્ટ એનાં બીજ હોય છે. ઉત્તરભારતમાં ઉનાળાની ઋતુમાં તરબૂચનો જ્યુસ પીવાનું લોકો વધુ પસંદ કરે છે. એની છાલનું શાક પણ બનાવવામાં આવે છે. તરબૂચમાં લાઈકોપિન પાયા જાતા હે, લાઈકોપિન શરીરની ચામડીને સ્વચ્છ બનાવે છે. અને શરીરમાં અનેક બીમારીઓથી દૂર રાખે છે. તરબૂચમાં વિટામીન એ,સી, વધારે પ્રમાણમાં હોય છે, વિટામીન સી આપણા શરીરને પ્રતિરક્ષા તંત્ર કો મજબૂત બનાવે છે, અને વિટામીન એ આપણી આંખો અને સ્વાસ્થ માટે વધારે જરૂરી છે.



# ગ્રામોફોનના શોધક થોમસ આલ્વા એડિસન



થોમસ આલ્વા એડિસન

સૌથી પ્રથમ થોમસ આલ્વા એડિસને ફોનોગ્રાફની શોધ કરી હતી. એ પછી તરત જ ટેલિફોનની શોધ થઈ હતી.

એડિસનને ખાતરી થઈ ચૂકી હતી કે જ્યારે કોઈ માણસ ટેલિફોનના માઉથ-પીસના મધ્યપટ કે તંતુપટ (Diaphragam) માં બોલે, ત્યારે મધ્યપટ કે તંતુપટ (Diaphragam) માં કંપનો ઉત્પન્ન થાય છે. જો કોઈ પ્રકારની શલાકા (સોય Stylus) જોડવામાં આવે તો એ કોઈ નરમ પર પોતાની પ્રતિકૃતિ અથવા નમૂનો ઉત્પન્ન કરી શકે છે, જેથી ધ્વનિની નોંધણી (Recorded) થઈ શકે છે અને એ પણ કાયમને માટે. એ પછી એ નોંધણીની પુનઃ ક્રીડા (Play) શક્ય બને છે અને એ માટે સમાન શલાકા કે સોયનો ઉપયોગ કરવાનો રહે છે, આથી મૂળ ધ્વનિ પુનઃ ઉત્પન્ન થાય છે.

થોમસ આલ્વા એડિસનનો સર્વપ્રથમ ફોનોગ્રાફ એવો હતો કે જેમાં ડબ્બાની પર્ણિકાના સિલિન્ડરનો ઉપયોગ થયો હતો. એક સોય એક સ્ક્રૂ દ્વારા ત્યારે ગતિ ધારણ કરતી હતી જ્યારે સિલિન્ડર ઘૂમતો હોય અને માઈક્રોફોનમાંથી કપાયેલા ધ્વનિ ડબ્બાની પર્ણિકામાં પ્રવેશે ત્યારે ધ્વનિની નોંધણી શક્ય બની શકતી હતી. પછી જ્યારે એની પુનઃક્રીડા (Play) કરવામાં આવે ત્યારે શ્રવણ નળી માઈક્રોફોનના બદલે સોયની તીક્ષ્ણ અણી આ શ્રવણ નળી સાથે જોડાયેલી રહેતી. આ ઘટના ઈ.સ. ૧૮૭૭માં બની હતી અને ત્યારે એડિસને પોતે નર્સરી (ઉછેર કેન્દ્ર) ગીતની અંત્યાનુપ્રાસી, તુકાન્ત કવિતા 'Mary had a little lamb' નું ધ્વનિ-મુદ્રણ એમાં કર્યું હતું.

એ પછી થોડાં વર્ષો બાદ એણે પોતાની શોધને સુધારી હતી. અંતે ડબ્બા પર્ણિકાના બદલે મીણયુક્ત સિલિન્ડર્સનો ઉપયોગ થયો હતો.

જેમ જેમ સોય ઉપર-નીચે ગતિ કરે તેમ તેમ ફોનોગ્રાફ પર ખાંચાઓ કપાઈ જાય અથવા એમ પણ સમજી શકાય કે ખાંચાઓ પડતા રહે.

આધુનિક ડિસ્ક (Disc) થાળી પર ધ્વનિ મુદ્રણમાં સોય બાજુ બાજુમાં જ ગતિમાન રહેતી હોય છે, જ્યારે એડિસનની સોય ઉપર નીચે ગતિમાન રહેતી હતી. આવી શોધનું એક પ્રદર્શન સૌપ્રથમ એમિલે બાર્લિનરે યુ.એસ.એ.ના ફિલા-ડેલ્ફિયામાં ઈ.સ. ૧૮૯૭માં કર્યું હતું અને આ જ વર્ષે 'બાર્લિનર ગ્રામોફોન કંપની'નું ઉદ્દ્ઘાટન થયું હતું.

એ પછી ૧૮૯૮માં બ્રિટનમાં ગ્રામોફોન કંપની ખૂલી અને આ કંપનીની પોતાની જ ફેક્ટરીમાં હેનોવર-જર્મનીમાં જથ્થાબંધ ઉત્પાદન થવા લાગ્યું હતું. અલબત્ત ત્યારે સાત ઈંચની ડિસ્ક (Disc) થાળી-રિકોર્ડ્સનું ઉત્પાન થયું હતું.

રેકોર્ડ પર કાગળના લેબલ લગાડવાનું કાર્ય ૧૯૦૦માં થયું. નામાંકિત - 'His Master's Voice' કે જે અત્યારે હવે HMV તરીકે વિખ્યાત છે, એનું ચિત્ર-લેબલ ઈ.સ. ૧૯૦૦માં રેકોર્ડ પર ચોંટાડવામાં આવ્યું હતું.

# ચિત્રકલા



**ગુનગુન ગુપ્તા**
ધોરણ ૫, ધ રોઝરી સ્કુલ



**કુલદીપ રાના**
ધોરણ ૫બી, ગ્લોબલ મિસન ઇન્ટરનેશનલ સ્કુલ



**માનુશી પંચાલ**
ધોરણ ૭, ત્રિપદા ડે સ્કુલ




**મિહીર પરમાર**
ધોરણ ૮, ડિવાઇન લાઇફ ઇન્ટરનેશનલ સ્કુલ



**મિલન મુકેશભાઈ જાદવ**
ધોરણ ૫, મનિકૃપા સ્કુલ



**સલોની શાહ**
ધોરણ ૮, અર્જુન ઇંગ્લિશ સ્કુલ



**ધન્વી શાહ**
ધોરણ ૭, અર્જુન ઇંગ્લિશ સ્કુલ





**રિન્કલ ઝાલા**
ધોરણ ૮, ત્રિપદા ગુરૂકુલમ, વિરમગામ

## બાજુમાં આપેલા શબ્દો, નીચેના ચોકઠામાંથી શોધો


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જ | કા | મું | બ | ઇ | પા | શિ | ખ | અ |
| ય | ન | બ્રુ | પી | ળી | એ | દિ | લ | મ |
| પુ | ન્યુ | કો | લ | ક | ત્તા | લ્હી | પ | દા |
| ર | શા | રી | ળા | મે | ઢ | જુ | લા | વા |
| મા | બેં | ગ | લો | ર | ઓ | સો | આ | દ |
| રા | જ | સ્થા | ન | ના | ગ | ક | ગ | ર |
| કા | હૈ | દ | રા | બા | દ | ર્ણા | રા | ઝ |
| ન | વે | મ્બ | ર | પૂ | ને | ટ | ર | વ |
| ચં | દી | ગ | ઢ | ષ્ટ | ડિ | કા | મ્બ | ર |

અમદાવાદ
જયપુર
મુંબઇ
દિલ્હી
રાજસ્થાન
કોલકત્તા
બેંગલોર
કર્ણાટકા
હૈદરાબાદ
પૂને
ચંદીગઢ
આગરા

## રસ્તો શોધવામાં મદદ કરો




## સત્ય – અસત્ય વચ્ચે નું અંતર કેટલું




## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | 2 | 7 | 6 |
| | | 9 | 1 | 4 | | | | |
| | 2 | | | | 6 | | 9 | 1 |
| | 8 | | | | 9 | 6 | 1 | |
| 7 | 3 | | | 8 | 4 | | | |
| | | 2 | | | 5 | | 8 | |
| 5 | | 6 | | | 3 | | | |
| | | 7 | | | | | 5 | |
| 3 | 4 | | 5 | 9 | | | | |

બાજુમાં નવ નવનું ચોરસ છે. તેના દરેક 3 3ના બોક્સમાં તમારે ૧થી ૯ના આંકડા ભરવાના છે. એક પણ આંકડો રિપીટ ન થવો જોઈએ. એ જ રીતે ચોરસની દરેક આડી અને ઊભી લાઇનનાં નવ ખાનામાં પણ ૧થી ૯ના આંકડા ભરવાના છે, આંકડો રિપીટ કર્યા વગર. જે 3 3ના બોક્સમાં સૌથી ઓછાં ખાલી ખાના હોય ત્યાંથી ભરવાનું શરૂ કરો. આ રમતનો માત્ર એક જ ઉકેલ છે. આજની રમતનો જવાબ નીચે આપેલો છે. તો તૈયાર છો ને?

**સુડોકુનો જવાબ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 4 | 9 | 3 | 8 | 2 | 7 | 6 |
| 6 | 7 | 9 | 1 | 4 | 2 | 8 | 3 | 5 |
| 8 | 2 | 3 | 7 | 5 | 6 | 4 | 9 | 1 |
| 4 | 8 | 5 | 2 | 7 | 9 | 6 | 1 | 3 |
| 7 | 3 | 1 | 6 | 8 | 4 | 5 | 2 | 9 |
| 9 | 6 | 2 | 3 | 1 | 5 | 7 | 8 | 4 |
| 5 | 1 | 6 | 8 | 2 | 3 | 9 | 4 | 7 |
| 2 | 9 | 7 | 4 | 6 | 1 | 3 | 5 | 8 |
| 3 | 4 | 8 | 5 | 9 | 7 | 1 | 6 | 2 |

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૫-૦૨-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩


**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

**નામ:** ______

**સ્કૂલનું નામ:** ______

**ધોરણ:** ______ **મો.નં.:** ______

ફોટો




## શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૬માં લેવાનારી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો

# ૮ માર્ચથી ૬ એપ્રિલ સુધી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

**અમદાવાદઃ** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહ તથા સાયન્સ બીજા અને ચોથા સેમેસ્ટરની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ધો. ૧૦, ધો.૧૨ અને સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષાઓ ૮ માર્ચથી શરૂ થશે અને ૨૨ માર્ચે પૂર્ણ થશે. જેમાં ધો. ૧૦ની પરીક્ષા ૧૭ માર્ચ, સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષા ૧૯ માર્ચ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૨ માર્ચે પૂર્ણ થશે. ૨૮ માર્ચથી સાયન્સ બીજા સેમેસ્ટરની પરીક્ષાઓ શરૂ થશે. આ વખતે ખાનગી વિદ્યાર્થીઓની પરીક્ષા અલગથી લેવાશે જેનો કાર્યક્રમ હવે પછી જાહેર કરાશે.

માર્ચ-૨૦૧૬માં લેવાનારી ધો.૧૦ની પરીક્ષા માટે રાજ્યમાંથી ૧૦.૮૩ લાખ વિદ્યાર્થી નોંધાયા છે. ગતવર્ષની સરખામણીમાં ધો.૧૦માં ૧૬ હજાર વિદ્યાર્થીઓનો વધારો થયો છે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૫.૧૨ લાખ વિદ્યાર્થી નોંધાયા છે. ગતવર્ષની સરખામણીમાં સામાન્ય પ્રવાહમાં ૨૭ હજાર વિદ્યાર્થીઓ ઘટ્યા છે. જ્યારે સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષામાં અંદાજિત ૧.૪૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહેશે. ઉપરાંત સાયન્સ બીજા સેમેસ્ટરની પરીક્ષામાં અંદાજિત ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. આમ ધો.૧૦ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સ બીજા અને ચોથા સેમેસ્ટરના ળી કુલ ૧૮.૭૫ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે.



## ધોરણ. ૧૦ અને ધોરણ. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું ટાઇમટેબલ

### ધો. ૧૦ની પરીક્ષાનો કાર્યક્રમ

(સવારે ૧૦થી બપોરે ૧.૨૦ વાગ્યા સુધી)

| તારીખ | વિષય |
|---|---|
| ૮માર્ચ | (પ્રથમ ભાષા) ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી, ઉર્દુ, સિંધી, તમિલ, તેલુગુ, ઉડીયા |
| ૧૦ માર્ચ | વિજ્ઞાન અને ટેક્નોલોજી |
| ૧૨ માર્ચ | ગણિત |
| ૧૪ માર્ચ | સામાજિક વિજ્ઞાન |
| ૧૫ માર્ચ | ગુજરાતી (દ્વિતીય ભાષા) |
| ૧૬ માર્ચ | અંગ્રેજી (દ્વિતીય ભાષા) |
| ૧૭ માર્ચ | (દ્વિતીય ભાષા) હિન્દી, સિંધી, સંસ્કૃત, ફારસી, અરબી |

**ધોરણ. ૧૦નાં ૧૦.૮૩ લાખ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનાં ૫.૧૨ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે**

### વિજ્ઞાન પ્રવાહ ચોથા સેમેસ્ટર

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૮ માર્ચ | ૩થી ૬.૩૦ | ફિઝિક્સ |
| ૧૦ માર્ચ | ૩થી ૬.૩૦ | કેમેસ્ટ્રી |
| ૧૨ માર્ચ | ૩થી ૬.૩૦ | મેથ્સ |
| ૧૪ માર્ચ | ૩થી ૬.૩૦ | અંગ્રેજી (પ્રથમ દ્વિતિય) |
| ૧૬ માર્ચ | ૩થી ૬.૩૦ | બાયોલોજી |
| ૧૭ માર્ચ | ૩થી ૬.૩૦ | (પ્રથમ ભાષા) ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દુ, સિંધી, (દ્વિતીય ભાષા) ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ફારસી, અરબી, પ્રાકૃત |
| ૧૯ માર્ચ | ૩થી ૬.૩૦ | કમ્પ્યુટર એજ્યુકેશન (સૈધાંતિક) |

### ધો. ૧૨ સા.પ્ર. અને ઉ.ઉ. બુ. પ્રવાહ

| તારીખ | સમય ૧૦.૩૦થી ૧.૪૫ | સમય ૩થી ૬.૧૫ |
|---|---|---|
| ૮ માર્ચ | સહકાર પંચાયત | એકાઉન્ટસ |
| ૯ માર્ચ | ઇતિહાસ | તત્વજ્ઞાન |
| ૧૦ માર્ચ | કૃષિ વિદ્યા, ગૃહજીવન, વસ્ત્ર વિદ્યા પશુપાલન અને ડેરી વિજ્ઞાન, વનવિદ્યા અને વનઔષધી વિદ્યા | સ્ટેટેસ્ટીક્સ |
| ૧૧ માર્ચ | સેક્રેટરીયલ પ્રેક્ટીસ વાણીજ્ય વ્યવહાર | ભૂગોળ |
| ૧૨ માર્ચ | - | અર્થશાસ્ત્ર |
| ૧૪ માર્ચ | સામાજિક વિજ્ઞાન | વાણિજ્ય વ્યવસ્થા |
| ૧૫ માર્ચ | - | મનોવિજ્ઞાન |
| ૧૬ માર્ચ | સંગીત સૈદ્ધાંતિક | (પ્રથમ ભાષા) ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી, ઉર્દુ, સિંધી, તામિલ |
| ૧૭ માર્ચ | - | હિન્દી (દ્વીતીય ભાષા) |
| ૧૮ માર્ચ | - | (દ્વીતીય ભાષા) ગુજરાતી, અંગ્રેજી |
| ૧૯ માર્ચ | ચિત્રકામ સૈદ્ધાંતિક, ચિત્રકામ પ્રાયોગિક | કમ્પ્યુટર પરીચય |
| ૨૧ માર્ચ | - | સંસ્કૃત, ફારસી, અરબી, પ્રાકૃત |
| ૨૨ માર્ચ | રાજ્યશાસ્ત્ર | સમાજશાસ્ત્ર |

### વિજ્ઞાન પ્રવાહ બીજા સેમેસ્ટરનો કાર્યક્રમ

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૨૮ માર્ચ | ૧૦.૩૦થી ૨.૦૦ | કેમેસ્ટ્રી |
| ૩૦ માર્ચ | ૧૦.૩૦થી ૨.૦૦ | બાયોલોજી |
| ૧ એપ્રિલ | ૧૦.૩૦થી ૨.૦૦ | મેથ્સ |
| ૪ એપ્રિલ | ૧૦.૩૦થી ૨.૦૦ | ફિઝિક્સ |
| ૫ એપ્રિલ | ૧૦.૩૦થી ૨.૦૦ | (પ્રથમ) ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દુ, સિંધી (દ્વિતીય ભાષા) ગુજરાતી, હિન્દી-સંસ્કૃત, ફારસી, અરબી, પ્રાકૃત |
| ૫ એપ્રિલ | ૧૦.૩૦થી ૧૨.૪૫ | કમ્પ્યુટર એજ્યુકેશન (સૈધ્ધાંતિક) |
| ૬ એપ્રિલ | ૧૦.૩૦થી ૨.૦૦ | અંગ્રેજી (પ્રથમ અને દ્વિતિય ભાષા) |

## વી.આઇ.પી. ટેલેન્ટ હંટ ૨૦૧૫-૧૬નું આયોજન કરાયું હતું

જાન્યુઆરીમાં ઉત્તરાયણ પહેલાં વી.આઇ.પી. એજ્યુકેશન કેમ્પસ ખાતે ૨ દિવસ માટે વી.આઇ.પી. ટેલેન્ટ હંટ ૨૦૧૫-૧૬નું આયોજન કરાવામાં આવ્યું હતું. જેમાં વિજ્ઞાન, ગણિત, સામાજીક વિજ્ઞાન વગેરે વિષયને લગતા મોડેલસનું પ્રદર્શન બાળકોએ ખૂબ જ ઉત્સાહ ભેર કર્યો હતો. વાલીગણ તથા બીજા આવનાર મુલાકાતીઓએ બાળકોના આ ઉત્સાહને વધાવ્યો હતો.







## ત્રિપદા ગુરુકુલમ કેમ્પસ વિરમગામ ખાતે સ્પોર્ટસ ડે યોજાયો

ત્રિપદા ગુરુકુલમ કેમ્પસમાં સ્પોર્ટસ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાર્થના માર્ચ પાસ્ટ, મશાલ વેલકમ સ્પિચ, પ્રતિજ્ઞા ડાન્સ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૧ થી ૨ અને ધો. ૫ થી ૧૦ માટે અલગ અલગ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો.૧ થી ૨ માટે ૫૦ mts race, frog race, lemon spoon race, Hip race, one legged race જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે ધો.૫ થી ૧૦ માટે ૧૦૦ mts, ૨૦૦ mts race, skipping race, shot put, long jump જેવી રમતોનું આયોજન કરાયું હતું. આ રમતોત્સવમાં ત્રિપદા પ્રાથમિક શાળા, ત્રિપદા ગુરુકુલમ પ્રાયમરી સ્કૂલ અને ત્રિપદા ગુરુકુલમ ઈંગ્લિશ સ્કૂલ એમ ત્રણ સ્કૂલો એક સાથે જોડાયેલી હતી.








## શારદા મોર્ડન સ્કુલ ખાતે કોરસ-૨૦૧૫નું આયોજન કરાયું

શારદા મોર્ડન સ્કુલમાં કોરસ-૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ બનાવેલા પ્રોજેક્ટ કલાત્મક રીતે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ચાર જૂથો વચ્ચે એક વર્ગ સુશોધન સ્પર્ધા રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓને થીમ તરીકે ક્રિસમસ, મેળો, ગામ અને ભારીતય પરંપરાના વિષયો આપવામાં આવ્યાં હતાં. જેમાં ભારતીય પરંપરાએ આ સ્પર્ધા જીતી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કચરો સામગ્રીની મદદથી હાઇડ્રોલિક પુલ, મેગ્લેવ ટ્રેન જેવા લાઇવ પ્રયોગો બતાડવામાં આવ્યાં હતાં. બધા માતા-પિતાઓ એ વિદ્યાર્થીઓએ કરેલા મહેનતની ખુબ જ પ્રશંસા કરી હતી.







## એફ.ડી. જુહાપુરા ખાતે ટ્રાફિક જાગૃતિ માટેના કાર્યક્રમનું આયોજન કરાયું

અમદાવાદ ટ્રાફિક સલાહકાર સમિતિ દ્વારા એફ.ડી. હાયર સેકન્ડરી સ્કૂલ- જુહાપુરા ખાતે વિદ્યાર્થીઓમાં ટ્રાફિક જાગૃતિ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ATCCના પ્રેસિડેન્ટ ડૉ. પ્રવિણ કાનાબારાએ બાળકોને પાવર પોઇન્ટ પ્રેજન્ટેશન તથા શોર્ટ ફિલ્મ્સ દ્વારા ટ્રાફિક સલામતી માટેનો સુંદર સંદેશ આપ્યો હતો જેમાં ટ્રાફિક મેનર્સ, ડિસીપ્લીન, કાયદાનું પાલન, બીજાનો આદર, જવાબદાર નાગરીકતા, જેવી બાબતોનો સમાવેશ થાય છે. કાર્યક્રમ દરમ્યાન રોડ સેફટી વિષયે ચિત્ર સ્પર્ધા તથા સ્લોગન સ્પર્ધા અને કાર્યદળ રિવ્યૂ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. સમગ્ર કાર્યદળ દરમ્યાન એફ.ડી. સ્કૂલના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભ મેળવશે. સમગ્ર કાર્યદળના સંકલન માટે મ.શિક્ષકો શ્રી એન. પી. શેખ, શ્રી ઝેડ.આર. હોલ્ડા, શ્રી અમજદ હુસેન અન્સારીનો સહયોગ રહ્યો હતો.





Printed and published by ARCHIT LABHUBHAI BHATT on behalf of TRIPADA EDUCATION TRUST and Printed at Divya Bhaskar Print Plant, plot No. 148, Po. Vasna-Chachravadi, B/h. L&T Plant, Bavla-Changdor Road, Dist: Ahmedabad-382210 and published from TRIPADA EDUCATION TRUST Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad. ● Editor- ARCHIT LABHUBHAI BHATT